R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 54 Issue No. 12 March - 2011

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## હિરક જ્યંતિ વર્ષ

1950 - 2010

60 Years

તમારી જિંદગીનું બહારનું ખોળિયું એક ઝૂંપડી જેવું કે એક મહેલ જેવું હોઈ શકે છે. આ ખોળિયામાં વસનારો તમારો રામ 'મોટા જીવ' હોઈ શકે અગર 'નાનુ જંતુ' હોઈ શકે. ઝૂંપડીમાં રહ્યાં છતાં તમને સાચા માણસ અને મોટા માણસ ગણવામાં કોઈ વાંધો ન લે અને લાખો રૂપિયાના મહેલમાં રહેનારો એક કીડીની કિંમતનો ઠરે એવું બની શકે છે. તમારી કિંમત સુધારવા-વધારવાનું તમારા હાથમાં છે. તમારા સાચા મૂલ્યની આ વાત છે.

– સંકલન

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# હીરક જયંતિ મહોત્સવ

**હીરક જયંતી નિમિત્તે તા. ૨૭.૩.૨૦૧૧ને રવિવારે સવારે ૯ કલાકે રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.**

**મુખ્ય મહેમાન :**

**શ્રી કુન્દનભાઈ વ્યાસ**

**(મેનેજીંગ એડીટર-સીઈઓ-જન્મભૂમિ ગ્રુપ ઓફ ન્યૂઝપેપર્સ)**

**અતિથિ વિશેષ :**

**શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખ (ભગત)**

## કાર્યક્રમ : લીલુ પાન જોઈને તમે યાદ આવ્યા

**મૃદુલા દેસાઈ અને અન્ય કલાકારોના સથવારે, મધુર ગીતોની રમઝટ.**

**સ્થળ : બિરલા માતૃશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦**

કાર્યક્રમમાં હાજર રહેલા બાલાસિનોરવાસીઓ અને આમંત્રિતો માટે સુન્દરાબાઈ હોલ ખાતે કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પાસ વ્યક્તિદીઠ રૂા. ૧૫૦/- પ્રમાણે નીચેના સ્થળોએથી મેળવી લેશો. પાસ વહેલાં તે પહેલાં ના ધોરણે આપવામાં આવશે.

૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૪
ફોન. ૨૩૮૮૭૦૦૬ , સમય : બપોરના ૨ થી ૬

૨) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ : ૪૫/૪૯, બાબુ ગેનુ રોડ, બાલકૃષ્ણ કૃપા ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨,
ફોન. ૨૨૦૫૩૪૭૬, સમય : બપોરના ૨ થી ૬

૩) શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩
ફોન. ૨૩૪૨૬૩૧૬ (સૌમીલ મોદી), સમય : બપોરના ૨ થી ૬

કાર્યક્રમનો પ્રવેશ પાસ વિના મુલ્યે વહેલો તે પહેલા ધોરણે ઉપરના સ્થળોએથી મેળવી શકાશે. ખા. ૧૬.૩.૨૦૧૧ થી તા. ૨૫-૩-૨૦૧૧ સુધીમાં કામકાજના દિવસોએ પાસ આપવામાં આવશે.
આ કાર્યક્રમને સફળ બનાવવામાં સૌના સહકારની અપેક્ષા.

**નોંધ :** હિરક જયંતિ મહોત્સવ નિમિત્તે તે દિવસે હાજર રહેલ સભ્યોને સંઘ દ્વારા પ્રકાશિત સુવેનિયરની કુટુંબ દિઠ એક નકલ આપવામાં આવશે.

**-કલ્પેશ સુ. ધારીયા (બલબલ) - પ્રમુખ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૧૨ | ૧૪-૦૩-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

**ટે.**(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# ભગવાનના ડીવીડંડની શરૂ જોવાઈ રહી છે

**તંત્રી સ્થાનેથી**

ધીરૂભાઈ અંબાણીએ ખુબ મહેનત કરીને ઉભા કરેલા બીઝનેસ સામ્રાજ્યના એમના અવસાન બાદ બે ભાગલા પડી ગયા. બન્ને ભાઈઓ વચ્ચે આજે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. બન્ને એકબીજાને પછાડવા નીચા દેખાડવાની એક પણ તક જતી નથી કરતાં. દરેક ક્ષેત્રે પોતે જીતવાનો પ્રયત્ન કરે છે. આવું જ કંઈક આ સૃષ્ટિના સર્જનહાર સાથે થયું હશે. સૃષ્ટિના સર્જનહારનું કાર્ય પણ બે જણ વચ્ચે વહેંચાઈ ગયું હશે. આપણે એ બે ના નામ આપીએ ભગવાન અને શેતાન. માનવી એ સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન હોવાથી એની રચનામાં બદલાવને કોઈ અવકાશ નહોતો. પણ દિલ, દિમાગ કે મન, જે કહો એમાં બદલાવની પુરેપુરી શક્યતા હતી અને આજ બાબતમાં બન્ને વચ્ચે સ્પર્ધા શરૂ થઈ. ભગવાને સારા વિચારોવાળા કુણા અને લાગણીશીલ દીલવાળા, બીજાને મદદ કરવાવાળા, બીજાનું ભલું કરવા વાળા માણસો બનાવવાનું શરૂ કર્યું. જ્યારે શેતાને ક્રુર, ઘાતકી દિમાગવાળા, પાશવી આનંદ લુંટવાવાળા, બીજાને હેરાન કરીને ખુશી મેળવવાવાળા માણસો બનાવવાનું શરૂ કર્યું અને દુનિયા બન્ને પ્રકારના માણસોથી ભરાવાની શરૂઆત થઈ ગઈ. હજારો વર્ષોના ઈતિહાસ તપાસીશું તો આ બન્ને વચ્ચેના યુદ્ધોનું જ ચિત્ર નજર સમક્ષ આવશે. આપણે રામાયણ, મહાભારતના કાળની વાત કરીએ, કે નાના નાના ગામોના ખેડુતોની અને જમીનદારોની વાત કરીએ, રાજાઓ અને પ્રજાની વાત કરીએ, શ્રીમંતો અને ગુલામોની વાતો કરીએ,

આતંકવાદીઓ અને આમ આદમીની વાતો કરીએ. અંગ્રેજો અને એના ગુલામ દેશોની વાતો કરીએ, સરમુખત્યારો અને ઈશુ ખ્રિસ્ત જેવા ધર્મના રક્ષકોની વાતો કરીએ. ભગવાન અને શેતાનનું યુદ્ધ સતત ચાલતું જ રહયું છે.

નજીકના ભુતકાળની વાત કરીએ તો બીજા વિશ્વ યુદ્ધ પછી દુનિયા પોતાની રીતે ફરી ઉભી થવા પ્રયત્ન કરી રહી હતી. ગુલામ દેશો આઝાદ થવા લાગ્યા. લોકો પણ સમજી ચુક્યા કે યુદ્ધ કે અશાંતિની વચ્ચે વિકાસ શક્ય નથી. લોકશાહી દ્વારા લોકોએ રાજાઓ, જમીનદારો અને સરમુખત્યારો પાસેથી પોતાની આઝાદી પાછી મેળવી. થોડાંક વર્ષો દુનિયામાં શાંતિ સ્થપાતી લાગી. એટલે શેતાનને ચિંતા થવા લાગી કે આમ તો આપણી કંપનીના શેરની વેલ્યુ ઘટી જશે. એટલે એણે એજીએમ બોલાવી પોતાના માણસોની સાથે આની ચર્ચા કરીને નીચે મુજબના મુદ્દાઓ નક્કી કર્યા.

✤ માણસોને વ્યસ્ત અતિવ્યસ્ત બનાવી દો.

✤ એને ખુબ ખર્ચ કરવાની પ્રેરણા આપો, નકામી વસ્તુઓથી ઘર ભરી દેવા દો.

✤ આ ખર્ચને પહોંચી વળવા એને લોન અને ઈન્સ્ટોલમેન્ટના ચક્કરમાં નાખી દો. એનું આખું જીવન લોન અને ઈન્સ્ટોલમેન્ટના હપ્તા ભરવામાં પસાર થવું જોઈએ.

✤ બાળકોના શિક્ષણની પધ્ધતિ બદલી નાખો અને માણસોને મોંઘીઘાટ શાળાઓમાં બાળકોને મુકવાની, હજારોની ફી પડાવતા ટયુશન કલાસોમાં મુકવાની પ્રેરણા આપો.

✤ આ બધા ખર્ચાઓને પહોંચી વળવા એ ગધેડાની જેમ કામ કરશે. લાંચ લેતો થઈ જશે. એક જણની કમાઈથી આ પુરુ નહી થાય એટલે માતાઓ પણ કમાવા નિકળી પડશે. મોટાભાગનો સમય મા-બાપ ઘરની બહાર રહેશે એટલે બાળકોના સંસ્કાર સિંચનનું કામ પણ અટકી પડશે.

✤ ટેલીવીઝન, વીડીયો, ટેપ, પિકચરો, મલ્ટી પ્લેકસો એમના મગજમાં એવા ભરી દો કે એના વગર એને ચાલે જ નહી. દેશી વિદેશી સંગીત કે ગીતોના ઘોંઘાટથી એના ઘરના અને આસપાસના વાતાવરણને એવું ભરી દો કે એ પોતાના આત્માના અવાજને પણ સાંભળી ન શકે.

✤ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું વળગણ ઉભું કરી દો જેથી ઈમેઈલ વોઈસમેલ અને ચેટીંગમાં જ એ પોતાનો સમય વેડફી નાંખે. ઈન્ટરનેટ પર સારાની સાથે ખરાબ વાતો અને અશ્લિલ સાહિત્યથી બાળકોના મગજ વિકૃત કરી દો.

✤ ટેલીવીઝનમાં એને ભ્રમમાં નાખી દે એવા કાર્યક્રમો બનાવડાવો. સંબંધોની વિચિત્ર માયાજાળવાળી અને ભપકાઓની ઝાકમઝોળવાળી સિરીયલો શરૂ કરાવો. સંબંધો અને સંસ્કારોનું પતન થાય અને લોકોના મગજ કરપ્ટ થાય એવા કાર્યક્રમો પીરસાવો અને એનાથી ગામડાના નાનામાં નાના માણસો સુધી પ્રભાવીત કરી નાખો.

✤ રાજકારણીઓ અમલદારો અને આંતકવાદીઓનો સાથ લો. ચોવીસ કલાક આડા અવળા, કામના નકામા તેમજ ઢંગધડા વિનાના સાચા ખોટા સમાચારો આપતી ચેનલો રચો અને એવા જ સમાચારો અને માહીતી આપનાર છાપાઓના ઢગલા દરેક ઘરમાં કરી દો.

✤ શેરબજાર, સટ્ટા અને લોટરી દ્વારા એવી માયાજાળ રચો કે મહેનતથી કમાવાના રસ્તાઓજ ભુલી જાય.

✤ ધાર્મિક મંડળો, વાડાઓ, સંપ્રદાયો તેમજ ધર્મના નામે લોકોને ભીડાવી દો. પોતાનો ધર્મ કે સંપ્રદાય બીજાથી ઉંચો છે એવા મિથ્યા ખ્યાલથી એના મનને

બરાબર પ્રદુષિત કરી દો જેથી ધર્મની નિર્મળ શાંતિ, પ્રેમ કે કરુણાનો વિચાર સુધ્ધા એને ન આવે.

શેતાનોએ આ મુદ્દાઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા અને ત્યારબાદ આને સફળ બનાવવા દુનિયાના ખુણે ખુણે પહોંચી ગયા. શેતાનની આ ચાલને અભુતપૂર્વ સફળતા મળી. શેતાનની કંપની દર વર્ષે ડીવીડંડ ઉપરાંત બોનસ આપતી થઈ ગઈ અને ભગવાન જોતા જ રહી ગયા. નુકશાની જ નુકશાની., ડીવીડંડ તો ક્યાંથી આવે ?

પરંતુ ધીરે ધીરે લોકોને સમજાવા લાગ્યું કે આ બધાથી મનની શાંતિ હણાઈ ગઈ છે. જીવનમાં કંઈક ખુટે છે. દુનિયાનો એક ભાગ હોવાથી શેતાને રચેલી માયાજાળમાંથી તો પોતે બચી નહી શકે અને એમાંથી છુટી પણ નહી શકે, પરંતુ જે રીતે ધીરે ધીરે લોકો અને યુવાનો મંદિરો તરફ, આધ્યાત્મ તરફ, આર્ટ ઓફ લીવીંગ તરફ, ધ્યાન અને દાન તરફ, કથાઓ અને પ્રવચનો તરફ વળી રહ્યા છે એમાં ભગવાનને આશાનું કિરણ દેખાય છે. આશા રાખીએ કે ભગવાનની કંપની પણ ફરીથી ડીવીડંડ લીસ્ટમાં પાછી આવે. (મુકેશ કે અનીલ અંબાણી બેમાંથી કોઈ ભાઈને શેતાન કહેવાનો ઈરાદો નથી ફક્ત ભાગીદારી કંપનીથી શરૂઆત કરવા લખ્યું છે).

**- નિખિલ પરીખ**

# ‘જ્યોતિ પુંજ’ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
‘જ્યોતિ પુંજ’ પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૧૫.૩.૨૦૧૧ (સહી) : નિખિલ બી. પરીખ**

**પ્રકાશક : ‘‘જ્યોતિ પુંજ’’**

# અષ્ટવક્ર સંહિતા (ગીતા)

- જયંતિભાઈ ગાંધી

**પ્રિય વાંચકો,**

**આપણાં બાલાસિનોરમાં થોડાક ગણ્યા ગાંઠયા લોકો છે જે સાહિત્યનો અને લોકગ્રંથનો ઉંડો અભ્યાસ ધરાવે છે. એમાં પણ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધનારાની સંખ્યા ખુબ ઓછી છે. આજે જ્યારે સમાજ ફક્ત ગુરુઓની દોરવણી હેઠળ સંકુચિતતા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે વિશાળ વાંચન દ્વારા જીવનના અને પ્રકૃતિના રહસ્યને સમજવાનો પ્રયત્ન કરનાર શ્રી જયંતિભાઈ ગાંધીનું અષ્ટાવક્ર સંહિતા ઉપરનું લખાણ આપ સૌ વાંચકોને ખુબ રસપ્રદ લાગશે એવી આશા સાથે આ લેખમાળા રજુ કરીએ છીએ. દર મહિને છપાતી આ લેખમાળાથી રસક્ષતિ થશે પણ સારા વાંચનનો આનંદ પણ મળશે. - તંત્રી**

આપણો અનુભવ છે કે આપણે દિવસ રાત મહેનત કરીએ છીએ છતાં જીવનમાં શાંતિ નથી. ભાગ્યે જ આપણે નિરાંતે ઘેરી ઉંઘમાં ઉંઘી શકીએ છીએ. જો આપણે જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવી હોય, આપણી જાત પ્રત્યે જાગૃત થવું હોય તો આપણે જીવનનું વિજ્ઞાન સમજવું પડશે.

આ રહસ્ય ત્રણ પુસ્તકોમાં છે. એક છે ગીતા. એ જીવન જીવવાની કળા શીખવતું સાયન્સ છે. જ્યારે અષ્ટાવક્ર ગીતા એ સાયન્સને જીવનમાં ઉતારો ત્યારે આપણે શું ધ્યાન રાખવાનું છે તે દર્શાવે છે અને ગીતાનું આચરણ કરતી વખતે આપણામાં રહેલી કેટલીક વૃત્તિઓની વક્રતામાંથી આપણે શી રીતે વર્તન કરીએ છીએ એ સમજાવે છે. ત્રીજું પુસ્તક છે ભાગવત. ગીતા તથા અષ્ટાવક્ર સંહિતામાં દર્શાવ્યા મુજબ જીવન મનુષ્ય તરીકે જીવવું હોય તો કેવી રીતે જીવી શકાય એનું રહસ્ય શ્રી કૃષ્ણના જીવન દર્શન દ્વારા સમજાવ્યું છે.

એક વાતનું ધ્યાન રહે કે સમાજ પરિવર્તન સંભવ નથી કારણ સમાજમાં ઘણાં વિરોધી વિચાર શ્રેણીના લોકો સમાયેલા છે. પણ હા! વ્યક્તિગત રીતે જેનામાં થોડી જાગૃતિ છે તે જાગી શકે છે. એટલે અહીં ગીતા, અષ્ટાવક્ર સંહિતા કે ભાગવતની વાત કરીશું તે વ્યક્તિને ધ્યાનમાં રાખીને કરીશું.

મહાભારત જેવું કાંઈક થયાને પાંચ હજાર વર્ષ થયા હશે. મહાભારત તો કથા છે પણ તે કાળમાં એક યુગ પુરુષ થઈ ગયા તેમનું નામ શ્રી કૃષ્ણ. માનવ જીવનના ઈતિહાસમાં આજ સુધીમાં જે સર્વ શ્રેષ્ઠ રીતે જીવન જીવી ગયા એવા મહામાનવનું જીવન રહસ્ય આપણાં જીવનમાં દિવાદાંડી રૂપ સાબીત થશે. ગીતાના કથન પાછળ શ્રીકૃષ્ણના અનુભવોનો નીચોડ છે.

શ્રી કૃષ્ણના મૃત્યુ બાદ લગભગ છસો સાતસો વર્ષ સુધી તેમના જીવનની કથા મૌખિક રહી. ત્યાર બાદ તેમના જીવન પર આધારિત એક ગ્રંથની રચના થઈ એ ગ્રંથ હતો 'હરિ વંશ' આ ગ્રંથની વિશેષતા એ હતી કે

(૧) શ્રી કૃષ્ણને એક જ પત્નિ હતી અને એ પત્નિનું નામ હતું રૂક્ષ્મણી

(૨) રાધા કૃષ્ણના જીવનમાં ન હતી.

ત્યારબાદ બીજા છસો સાતસો વર્ષે જય સંહિતાનું આયોજન થયું. આ ગ્રંથમાં જયનું વિજ્ઞાન સમજાવાની કોશિષ થઈ. આજના મહાભારતનું આ મૂળ છે. વિદ્વાનોના મત પ્રમાણે જય સંહિતામાં આઠ હજાર શ્લોક

હતા. તે જમાનામા વિદ્વાનોને લાગ્યું કે હજુ 'જય' નું વિજ્ઞાન સ્પષ્ટ થયું નથી. તેથી આપણી વૃત્તિઓને વ્યક્તિનું રૂપ આપી આ કથાનો વિસ્તાર કરતાં ગયા. ગીતામાં અનેક ઉપનિષદોમાંથી સાર લઈ શ્લોકો ઉમેરાતાં ગયા. બીજા છસો સાતસો વર્ષે જે ગ્રંથ રચાયો તેનું નામ પડયુ 'ભારત'. આ ગ્રંથમાં ૨૫૦૦૦ શ્લોક થયા. ભારત શબ્દનો અર્થ છે એ ભૂમિ જ્યાં અધ્યાત્મ વિદ્યાનો વિકાસ થશે.

હજુ વિદ્વાનોને સંતોષ નથી. હજુ તેઓને 'જય'નું વિજ્ઞાન લોક ભોગ્ય બનાવવું હતું. તેથી તેમાં અનેક પાત્રો ઉમેર્યા અને મનુષ્યની વૃત્તિઓને એ પાત્રોમાં ઢાળી અને એ વાર્તાનો વિસ્તાર કરતાં ગયા. અનેક ઉપનિષદોમાંથી યોગ્ય શ્લોકો લઈ ગીતામાં તથા અષ્ટાવક્ર સંહિતામાં ગોઠવતાં ગયા અને બીજા છસો સાતસો વર્ષે મહાભારતની જે કથા રચાઈ એમાં એક લાખ શ્લોક થયા અને શ્રીમદ ભગવત ગીતામાં સાતસો ઉપરાંત શ્લોક થયા. મહાભારતના ગ્રંથની રચના બુદ્ધ કાળની આસપાસ થઈ હશે.

છેલ્લાં હજાર-બારસો વર્ષ પૂર્વે ભાગવતની રચના થઈ. આ ભાગવતમાં શ્રીકૃષ્ણ લીલા રહસ્યનું વર્ણન છે. ઈતિહાસમાં ઘણાં બધા પરિવર્તનો આવ્યા. આપણે વિભાજીત થતાં ગયા અને નબળાં થતાં ગયા. શ્રી કૃષ્ણ લીલા રહસ્યને સમજયા નહીં અને કૃષ્ણને ભગવાન બનાવી તે લીલા જાણે વાસ્તવિક હોય, ઈતિહાસ હોય તેમ સ્વિકારી આપણે ગરબડ કરી. કૃષ્ણ સમજાયા નહીં તેથી આપણાં વડીલો કહેવા લાગ્યાં કે 'રામ કરે તે કરવું પણ કૃષ્ણ કહે તેમ કરવું.'

જેનું કહેવું અને આચરણ જુદું જુદું હોય તેને ભગવાન શી રીતે કહીશું ? ના આપણી સમજ બદલવી પડશે. Multi dimension વાસ્તવસમાં શ્રી કૃષ્ણ બહુ આયામી જીવ હતા.

Pasonality હજુ શ્રીકૃષ્ણને સમજવા માટે આપણે પાત્ર બન્યા નથી. આજે પણ કદાચ આપણે શ્રીકૃષ્ણના વ્યક્તિત્વને પુરો ન્યાય ન આપી શકીએ. પણ તેમના જીવનને તેમ જ તેમની વાણીને સમજવા પ્રયત્ન જરૂરથી કરી શકીએ છીએ. આગળ વધતાં પહેલાં ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ જોઈએ.

આજથી લગભગ સાડા સાત કે આઠ હજાર વર્ષ પહેલાં આર્યન્સ આપણાં દેશમાં આવ્યા હશે. તેઓ ખૈબર ઘાટના રસ્તે ભારતમાં પ્રવેશ્યા હતાં. પહેલાં તેઓએ સિંધુ તથા ગંગાનો સપાટ પ્રદેશ જોયો અને ત્યાં વસતાં માનવીઓને જોયા. અંગ્રેજોએ આ (લોકલ) સ્થાનીક પ્રજાને દ્રાવિડિયન કહ્યાં, જ્યારે આપણાં પુરાણોમાં તેઓને દાનવો કહેતા હતાં. આર્યન્સ અહીં આવ્યા ત્યારે આપણે ત્યાં બે પ્રકારની સંસ્કૃતિ ખૂબ જ વિકસિત હતી. સિંધુ તથા ગંગાને સપાટ પ્રદેશમાં રહેતાં લોકો જેને આપણે દાનવો કહીશું તેમની પાસે ચાર વિદ્યા હતી. (૧) એક્યુ પ્રેશર (૨) એક્યુ પંકચર (૩) વાઢકાપ અથવા ઓપરેશન (૪) સ્થાપત્ય કળા અથવા આર્કિટેકચરલ નોલેજ. તે જમાનામાં એક બીજી સંસ્કૃતિ પણ સારી રીતે વિકસીત હતી. તે લોકો હિમાલયના પર્વતો પર રહેતાં હતા. તેઓની સંસ્કૃતિને દેવ સંસ્કૃતિ કહેતા હતા. તેઓએ મનની શક્તિનો સારો એવો વિકાસ કર્યો હતો. આપણને થાય કે જે આર્યન્સની

આપણે આટલી બધી કહાઈ કરીએ છીએ તેઓ પાસે કંઈ વિદ્યાઓ હતી? તેઓ જે પ્રદેશમાંથી આવતાં હતાં તે પ્રદેશમાં આવી નદીઓ ન હતી. થોડા પાણીમાં ખેતી કરવી પડતી હતી. તેથી તેઓએ કૃષિ વિજ્ઞાનનો ખૂબ વિકાસ કર્યો હતો. તેઓ પાસે આયુર્વેદ હતો અને તેઓ સારા પશુ લાવ્યા હતા. હવે જ્યારે તેમણે નક્કી કરવાનું આવ્યું કે ભળવું હોય તો કોની સાથે ભળવાથી લાભ થાય. તેઓએ જોયું કે હિમાલયના પર્વતો પર રહેતા લોકો પાસે બહુ ખેતી કરવા લાયક જગ્યાઓ નથી અને પ્રદેશ ઊંચાઈ પર હોવાથી પાણીની પણ તકલીફ રહેશે. જ્યારે સપાટ પ્રદેશમાં રહેતી પ્રજા પાસે પુષ્કળ પાણી તથા બુદ્ધિમાં તેમની પાસે વિદ્યાઓ હતી તેથી તેઓ પ્રભાવિત થયા અને દાનવો સાથે ભળવાનો નિર્ણય કર્યો. અને આર્યદ્રષ્ટા ઋષિ પરશુરામે આ બન્ને કોમોને એક કરવા પ્રયત્નો કર્યો જેથી તેઓ એક ઉત્કૃષ્ટ સંસ્કૃતિને જન્મ આપી શકે. જેને આ વિચારનો વિરોધ કર્યો તેમના સામે તેઓએ હથિયાર પણ ઉપાડયા. આવી ભવ્ય સંસ્કૃતિના નિર્માણનું શ્રેય જાય છે ભગવાન પરશુરામને.

ત્યારબાદ આવ્યા રામ. રામને આપણે વિષ્ણુના અવતાર કહ્યાં. રામનું ચરિત્ર લખાયું અને રાજ્ય ધર્મને પ્રાધાન્ય આપ્યું અને નીજી ધર્મને અવગણ્યો. પણ રામે સમત્ય જાળવ્યું. આ સમત્વના સ્વભાવને લીધે આપણે એમને મર્યાદા પુરુષોત્તમ કહ્યાં.

શ્રી રામ પછી શ્રીકૃષ્ણનો જન્મ થયો છે. બનવા જોગ છે કે તેઓ બે વચ્ચે ૧૫૦૦ થી ૨૦૦૦ વર્ષનો ગાળો હોય. શ્રી કૃષ્ણે પોતાના જીવનનો સંપૂર્ણ સ્વીકાર કર્યો એમ કહેવાય છે કે શ્રી કૃષ્ણ કદી રડયા નથી. તેમ જ દુઃખી પણ થયા નથી. હા! દુઃખના પ્રસંગો તેમના જીવન કાળમાં આવ્યા હશે પણ તેમના મનની સમતુલા હંમેશ જળવાઈ રહી. આ મનની સંમતુલાને સંસ્કૃતમાં 'જય' કહે છે. તેથી મહાભારતમાં એક સુત્ર વારે વારે આવે છે કે,

'યતો ધર્મઃ તતો કૃષ્ણ, યતો કૃષ્ણ તતો જયઃ' આવા શ્રી કૃષ્ણને સમજયા વગર ગીતા કે અષ્ટવક્ર સંહિતા સમજવા પ્રયત્ન કરીશું તો સંભવ છે કે આપણે ભ્રમમાં પડી જઈશું અને કહીશું કે શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન હતા તેથી તેઓ આ રીતે જીવી શકયા.

હવે માની લો કે પરશુરામ, રામ કે કૃષ્ણ જો ભગવાન વિષ્ણુના અવતાર હોય અને તેઓએ દુષ્ટોને મારવા માટે જન્મ લીધો હોય; શું આ સંભવ છે? જે ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી તેમાં જે જીવ જગત છે તેઓ જન્મ છે અને મૃત્યુ છે. જેનો જન્મ થયો તે પળથી તેની મૃત્યુ તરફની યાત્રા શરૂ થઈ ગઈ. પછી જે દુષ્ટોનો જન્મ થયો છે તેઓ પણ કાળક્રમે મરવાના જ છે પછી વિષ્ણુએ અવતાર લેવાની જરૂરત જ ક્યાં હતી. વાસ્તવમાં આ રૂપકોને આપણે સમજયા નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ જીવની ઉર્જાઓના પ્રતિક છે. આપણાં ઋષિ મુનિઓએ આ ઉર્જાઓને મનુષ્યનું રૂપ આપ્યું અને તે ઉર્જાને પ્રદર્શિત કરવા માટે કેટલીક સંજ્ઞાઓ મુકી. કારણ મનુષ્યની પ્રથમ ભાષા ચિત્રાત્મક જ હતી.

પરમાત્મા નામની કોઈ વ્યક્તિ નથી. સમગ્ર બ્રહ્માંડમાં એક જીવન સત્તા છે. સત્તા હંમેશા અવ્યક્ત જ હોય છે. પ્રકૃતિ અર્થાત પંચમહાભૂત એ વ્યક્ત જીવન સત્તા છે. સત્તા હંમેશા સક્રિય જ હોય છે. સત્તા તો સત્તા ધારણ કરનાર દ્વારા જ વ્યક્ત થાય છે. તેથી આ

બ્રહ્માંડના અણુ અણુમાં પરમાત્માની સત્તા વ્યક્ત થાય છે. અર્થાત પ્રકૃતિ એ પરમાત્માનું વ્યક્ત સ્વરૂપ છે અને પરમાત્મા એ પ્રકૃતિનું અવ્યક્ત રૂપ છે.

આવી જ એક સત્તાનો આપણા સૌને અનુભવ છે; અને એ રાજ્ય સત્તા. આપણે કોઈએ એ રાજ્ય સત્તાને જોઈ નથી. પણ જે કોઈને નીમી આપણે રાજ્ય સભાઓમાં મોકલીએ છીએ તેઓ આ રાજ્ય સત્તાને ધારણ કરે છે અને એ સત્તાનું વિતરણ છેક પુલીસ કે પ્યુન સુધી થાય છે અને આપણે એ કાયદાઓનું પાલન કરવું પડે છે. આપણે આ લોકોનું સાંભળીએ છીએ ત્યાંસુધી જ તેઓ સત્તા પર છે.

હવે આપણે જોઈએ કે આપણાં પૂર્વજોએ ત્રણ ભગવાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશના અદભૂત ચિત્રો બનાવ્યા છે, તો તે ચિત્રોને સમજીએ અને એમાં રહેલા ગુપ્ત સંદેશ ઝીલીએ

**(વધુ આવતાં અંકે)**

# જાહેર ખબરનો ભાવ વધારો

સૌ પ્રથમ જ્યોતિપુંજમાં જાહેરખબર આપનાર વેપારીગણનો નવયુવક સંઘ વતી હું આભાર વ્યક્ત કરું છું. આપના સહકાર વગર જ્યોતિપુંજ આજે આ ઉંચાઈએ પહોંચી શક્યું ન હોત.

હવે જ્યારે મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે જ્યોતિપુંજ પણ એમાંથી બાકાત કેવી રીતે રહી શકે ? કાગળનો અને પ્રીન્ટીંગનો ભાવ વધારો દિવસે ને દિવસે વધતોજ જાય છે. સંસ્થા આ મુખપત્ર ચલાવવા માટે મોટો ફાળો આપે છે પરંતુ વધુ બજેટ સંસ્થા માટે શક્ય નથી બનતું. એટલે ના છુટકે અમારે જાહેરખબરના દરો વધારવાની ફરજ પડી છે. આશા છે આપ સૌ વેપારીગણ અમને સાથ સહકાર આપશો.

જાહેરખબરના નવા દરો નીચે મુજબ છે. જે એપ્રિલના અંકથી લાગુ પડશે. નવા વર્ષમાં શક્ય હશે તો કલર પેજ ઉપર બે કલરની જાહેરખબર છાપવામાં આવશે. જે માટે વહેલો તે પહેલો ધોરણે ૪ થી ૮ નામ નોંધવામાં આવશે.

**જાહેરખબરનો ભાવ વધારો**

| S. No. | Description | Yearly New Rates | Yearly Old Rates | Monthly New Rates | Monthly Old Rates |
|---|---|---|---|---|---|
| 01 | Last Cover Page | 16000 | 13000 | N/A | N/A |
| 02 | Inside Full Page | 8000 | 6500 | 1050 | 910 |
| 03 | Inside Half Page | 5500 | 4550 | 675 | 585 |
| 04 | Inside Quater Page | 3200 | 2860 | 450 | 390 |
| 06 | Third Cover Page | 12000 | 10000 | N/A | N/A |
| 06 | Color Pages with 2 Color Printing | 12500 | N/A | N/A | N/A |

જ્યોતિપુંજ સમિતિ વતી

**નિખિલ પરીખ - તંત્રી** **મજુંલ ધારીઆ - મંત્રી**

# ઈશ્વરનું અસ્તિત્વ

બુદ્ધિશાળી, વિદ્યવાન અને વિચારવંત માનવીઓ માટે ઈશ્વરનું અસ્તિત્વ એ કાયમ શંકાનો વિષય રહ્યો છે. શ્રી એ.એસ.પી. અય્યરે 'શ્રી કૃષ્ણ-ડાર્લિંગ ઓફ હયુમેનિટી' નામના ગ્રંથમાં ઈશ્વરના અસ્તિત્વ વિષે એક સુંદર વાત કહી છે.

એક અતિ બુદ્ધિશાળી વિદ્યવાનને કૃષ્ણના (ઈશ્વરના) અસ્તત્વ વિષે શંકા હતી. એણે એક સંત સમક્ષ પોતાની આ શંકા વ્યક્ત કરી.

'મને લાગે છે કે કૃષ્ણ નરી કલ્પનાનું પાત્ર છે. ખરેખર એવું કોઈ થયું જ નથી.' એણે કહયું.

'એમ ? તમે પોતે ખરેખર અસ્તિત્વ ધરાવો છો ખરા ?' સંતે વળતો પ્રશ્ન કર્યો.

'અવશ્ય !' પેલાએ વિશ્વાસપૂર્વક કહયું.

'તમને કેટલા માણસો ઓળખે છે ?'

'ઓછામાં ઓછા પાંચેક હજાર તો ખરાજ! હું પ્રોફેસર છું. વિદ્વાન છું, લેખક છું વગેરે'.

'ભલે, ભલે ? પણ હવે એ કહો કે કૃષ્ણને કેટલા માણસો ઓળખે છે ?'

'કરોડો, કદાચ અબજો પણ હોય'. પેલાએ માથું ખંજવાળ્યું. 'અને એય કેટલાં વર્ષોથી ?'

'નાખી દેતાંય આ કથાને ત્રણેક હજાર વર્ષ તો થયાં જ છે'. જે પાંચ હજાર માણસો તમને ઓળખે છે એમાંથી કેટલાં માણસો તમને પૂજે છે ?'

'પૂજા ? પૂજા વળી શાની? મને તો કોઈ પૂજતું નથી.'

'અને કૃષ્ણને ત્રણ હજાર વર્ષ પછીય કરોડો માણસો હજુ પૂજે છે. હવે તમેજ નિર્ણય કરો. ખરેખર તમે અસ્તિત્વ ધરાવો છો કે પછી કૃષ્ણ ?'

આદિ કાળથી સમગ્ર માનવજાત જેનું સરનામું શોધી રહયું છે એવા કૃષ્ણ કરતાંય એમાં રહેલું કૃષ્ણતત્વ વિશેષ છે. જે શ્રીમદ્ ભાગવતગીતામાં દૃષ્ટિગોચર થાય છે. શ્રી દિનકર જોષીના 'કૃષ્ણનું સરનામું' પુસ્તક કૃષ્ણને શોધવા હોય તો શ્રીમદ્ ભગવતગીતામાં જ મળે એવો નિર્દેશ કરે છે. આ પુસ્તકમાં કૃષ્ણના અસ્તિત્વ વિષે લેખકે એક સુંદર દ્રષ્ટાંત આપ્યું છે.

મુંબઈમાં કફપરેડ વિસ્તારની એક બહુમાળી ઈમારતના અઢારમાં માળે એક અતિપ્રવૃતિશીલ ધનાઢય મિત્રની ઓફિસ આવી છે. અત્યંત અદ્યતન રૂપરંગે સજેલી ઓફિસના એમના ખંડમાંથી બહારની બાજુએ અરબી સમુદ્ર હિલોળા લેતો નજરે પડે છે. કાચના પાર્ટિશનમાંથી બધું સાંગોપાંગ આરપાર દષ્યમાન થાય છે. એક દિવસ આ ખંડમાં બેસીને મિત્રે પૂછ્યું. 'કૃષ્ણ ખરેખર થયા હોય એવું હું નથી માનતો. થયા હોય તો પુરાવા મળવા જોઈએ.

'એમ ? ' મેં કહયું. ' હું તમને પુરાવો આપું'. આ પછી જમણી બાજુંની બારીમાથી બહાર દેખાતા દરિયા સામે આંગળી ચીંધીને પૂછ્યું. 'જુઓ, અહીં તમને શું દેખાય છે ?'

'ક્ષિતિજ સુધી હિલોળા લેતો સમુદ્ર દેખાય છે.' મિત્રે કહયું, પણ આ સમુદ્ર કંઈ કૃષ્ણ હોવાનો પુરાવો નથી'.

'બરાબર છે. પણ આ સમુદ્ર સિવાય એ દિશામાં બીજું કંઈ દેખાય છે ?' મેં શાંતિ પૂછ્યું.

'હા, સમુદ્ર ઉપરાંત મોજાંઓ ઉપર તરી રહેલા જહાજો દેખાય છે. નીચે માર્ગ ઉપર દોડધામ કરી રહેલાં

વાહનો દેખાય છે. ઉપર નાખી નજર ન પહોંચે એવું આકાશ દેખાય છે અને આ આકાશમાં ઉડી રહેલા છૂટાછવાયાં પંખીઓ પણ દેખાય છે.. પણ આમાં કૃષ્ણનો પુરાવો કયાં આવ્યો ?' મિત્રે આંશિક અધીરાઈ અને આશિક વિજયી અદાથી પોતાના પ્રશ્નની પુનરુક્તિ કરી.

'એ સિવાય કશું દેખાય છે ?' મેં ફરીથી આંગળી એ દિશામાં ચીંધેલી રાખીને પૂછ્યું.

'તમે કહેવા શું માંગો છો ? એ સિવાય એ સિવાય... તો ખાસ કશું છે નહી... હા, થોડાંક મકાનો પણ દેખાય છે ખરા...' 'જુઓ !' આંગળી એમને એમ ચીંધેલી રાખીને મેં એક એક શબ્દ છૂટો પાડીને કહયું.' આ તરફ તમે આખી દુનિયા જોઈ શકો છો, પણ જે કાચના પાર્ટિશનની આરપાર આ દુનિયા તમે જોઈ રહ્યા છો એ કાચનું પાર્ટિશન જ તમને દેખાતું નથી. કૃષ્ણ આવું પારદર્શક પાર્ટિશન છે. એની આરપાર બધું જ દેખાય પણ એનું દર્શન સ્વયં ન થાય...

કોઈ કે સાચું જ કહયું છે કે જો કૃષ્ણ ખરેખર માનવદેહ ધારીને આપણી વચ્ચે ફર્યા હોય તો એ અદ્‌ભુત છે, પણ જો ખરેખર ન પણ ફર્યા હોય તો એમને જેવા છે એવા સ્વરૂપે કલ્પવા એ એનાથીય વધુ અદ્‌ભુત છે.

**- સુરેન્દ્ર મોદી (ચોધરી)**

# સંસ્થા સમાચાર

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૨મી બેઠક

વર્ષ ૨૦૧૦-૧૧ના કાર્યવાહક સમિતિની ૧૨મી બેઠક તા. ૧૮-૨-૧૧ના રોજ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ શુક્રવાર સાંજે ૬ કલાકે દેવાશીશ આરોગ્યધામ પંચગીની ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહએ સંસ્થાની ૧૧મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

ગત તંત્રી શ્રી પંકજ શાહના મૃત્યુ માટે બે મીનીટનું મૌન પડાયુ હતુ.

ઉપનગર વિભાગના સંયોજક એ હિસાબ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

કાર્યવાહક સમિતિ એ ચર્ચા વિચારણા કર્યા બાદ જ્યોતિપુંજમાં જાહેરાત ના દરોનો વધારો રજુ કર્યો હતો.

સોવિનિયર તથા ભંડોળના સંયોજક એ એમનો અહેવાલ રજુ કર્યો હતો. પ્રોગ્રામના સંયોજક એ એમનો અહેવાલ રજુ કર્યો હતો તેમા ગુજરાતી રંગારંગ કાર્યક્રમ તથા ભોજનની વ્યવસ્થા કરવામા આવી છે. મુખ્ય મહેમાન માટે શ્રી કુદન વ્યાસ જન્મભુમી ના તંત્રીનું નામ સુચવામાં આવ્યું હતું તે સર્વાનુમત્તે પસાર કરાયુ હતુ.

પ્રમુખશ્રી શ્રી કીરીટભાઈ મોદી (દેવ) નો આભાર માન્યો હતો. જેમણે કારોભારીના સભ્યોને તેમની પત્ની સાથે રહેવાની મફત વ્યવસ્થા કરી હતી.

૨ આજીવન સભ્યો ની અરજી તથા ૧૩ લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરાઈ હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**- સહમંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી - શ્રી મંજુલ શૈલેશ ધારીઆ.**

# બાલાસીનોર વૈષ્ણવ નગર
# મુંબઈમાં બોરીવલી અથવા કાંદિવલીમાં બનાવવા માટેની ફોર્મ સાથે પ્રસ્તાવના

બાલાસિનોર વાસીઓને જણાવતા ઘણો આનંદ થાય છે કે તા.૧૧.૧.૨૦૧૧ રોજ સાંજે ૬ વાગે શુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકતાવાળા) સભાગૃહમાં આગેવાન વડીલો સાથે બાલાસિનોર નગર મુંબઈમાં બોરીવલી ઈસ્ટ - વેસ્ટ અથવા કાંદિવલી ઈસ્ટ - વેસ્ટ સ્ટેશનથી ૩ થી ૫ કીલોમીટરના અંતરે બનાવવાની ૪૦ થી ૪૫ આગેવાનોની વચ્ચે વિચાર વિનીમય કરીને દરેક જણે સહકાર આપવાની ખાત્રી આપી છે અને નક્કી કરવામાં આવ્યું કે વિગતવાર સાથે જ્યોતીપૂંજમાં છાપીને કેટલા બાલાસીનોર વાશીઓનો સાથ સહકાર મળે છે અને કેટલાને જરૂરીયાત પ્રમાણે જગ્યાની જરૂરત છે તે વિગત આવ્યા પછીનો (નો લોસ નો પ્રોફીટ)ના ધોરણે અમલમાં મૂકી શકાશે.

આ યોજનામાં રસ ધરાવતા જ્ઞાતીજનો આ સાથેનું ફોર્મ પોતાની જરૂરીયાત મુજબના ફ્લેટની નોંધણી કરાવી. ફોર્મમાં જણાવેલા સ્થળોએ તા. ૩૧.૩.૨૦૧૧ સુધીમાં સુપ્રત કરવાના રહેશે. જેના ઘરે જ્યોતીપૂંજના આવતુ હોય તેઓએ જ્યોતીપૂંજમાં આપેલા ફોર્મની ઝેરોક્સમાં પણ વિગતો મોકલી શકે છે.

જ્યારે પણ યોજના સાકાર થશે ત્યારે બુકીંગ સમયે અંદાજીત રકમના ૨૦ ટકા સંસ્થામાં જમા કરાવવાના રહેશે. બાકીના હપ્તાની લોનની જરૂરીયાત હશે તો પોતાની જવાબદારી ઉપર બેંક લોન કરી આપવામાં આવશે. જેને લોનની જરૂરીયાત નહી હોય તેઓએ જે પ્રમાણે કામ થાય તે પ્રમાણે હપ્તા થી ભરવાના રહેશે. ઓછામાં ઓછા ૧૭૫થી ૨૦૦ જણાના ફોર્મ આવશે. તોજ આ યોજના અમલમાં મૂકવામાં આવશે. નહીતર એમ સમજવામાં આવશે કે બાલાસીનોર વાળાઓને એક છત નિચે રહેવાની અનીચ્છા છે તેમ સમજી ને આ યોજના દરેક બાલાસીનોર વાળાઓનો આભાર માનીને પડતી મૂકવામાં આવશે. આ યોજના સાકાર કરવા. બાલાસીનોરના કુટુંબ દીઠ પરિસ્તીથી પ્રમાણે ૧ લાખ થી વધારે ની મદદ જમીન લેવા માટે બેંક વ્યાજે મળવાની શર્તે આપશે તો આ યોજના રમતમાં પૂરી થઈ શકશે. પાછળ લખ્યા મુજબ ફ્લેટ, રો હાઉસ અને બંગલાનો અંદાજીત કાર્પેટ એરીયા તથા બીલ્ટ અપ એરીયા સાથે અંદાજીત કીંમત પણ લખવામાં આવી છે તો જેની જરૂરીયાત પ્રમાણે ફોર્મ ભરીને લખ્યા મુજબના સ્થળોએ વેળાસર આપવા માટે દરેક બાલાસીનોર વાસીઓને નમ્ર વિનંતી.

**- શ્રી સુધીરભાઈ ચી. ધારીયા (રંગુનવાલા)**

# બાલાસિનોર વૈષ્ણવ નગર વસાવવા માટે નમ્ર વિનંતી

જમીન લેવા માટે રૂપીયાની જરૂર પડશે તો નીચે લખેલા ફોર્મમાં વિગત દર્શાવી છે તો બાલાસીનોરના દરેક કુટુંબીજનોને ટહેલ નાખવામાં આવે છે. તો પોતાનો ફાળો જેમ બને તેટલો વધારે લખાવવા વિનંતી. આ ફોર્મમાં લખ્યા મુજબના સરનામે મોકલી અમને આભારી કરશો. ફાળો લખાવ્યા પછી અને જમીન ની ડીપોઝીટ આપ્યા પછી ૬૦ થી ૭૦ દીવસમાં સંસ્થામાં ફાળો જમા કરાવવો પડશે. ઓછામાં ઓછા ૩ વર્ષ માટે આપવાના રહેશે અને જે વગર વ્યાજે આપશે તેઓને વહેલી તકે પાછા આપવામાં આવશે. જેને ફલેટ બુક કરાવ્યો હશે. તો તેઓ પણ પોતાની શક્તી પ્રમાણે ફાળો આપવા નમ્ર વિનંતી.

જેમને ફલેટ બુક કરાવ્યા હશે. તેઓને તે રકમ નોંધાવેલા ફલેટમાં મજરે આપવામાં આવશે. વગર વ્યાજે આપનાર દાતાઓનું સન્માન તથા નગરમાં નામની તકતી મુકવામાં આવશે.

પરદેશમાં વસતા આપણા જ્ઞાતીજનો આ યોજનામાં સહભાગી થઈ મુંબઈ ખાતે પોતાનું રહેઠાણ ધરાવે તેવી અમારી ઈચ્છા છે. નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે સહુ પરદેશવાસીઓ પણ આ લાભ લે.

**નામ તથા સરનામું :** ..........................................................................

..........................................................................

..........................................................................

**ફલેટ નં**............... **મોબાઈલ નં**. ...........................................

**૧) વગર વ્યાજે રૂા**..........................................................................

**૨) ૯ ટકા વ્યાજે રૂા**..........................................................................

**3) જેઓ ફલેટ નોંધાવ્યા હોય** ..........................................................................

**મોકલવા માટેના નામ તથા સરનામા નિચે લખ્યા છે.**

| | |
|---|---|
| ૧) સુધીર સી. ધારીયા | : બી-૧૩, સ્ટાર ટ્રેડ સેન્ટર, ચામુંડા સર્કલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨ |
| ૨) બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ | : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ |
| ૩) બાલાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રેડીટ સોસાયટી | : બાબુ ગેનુ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ |
| ૪) મણીકાંત કડકીઆ | : સુરતી એન્ડ કાું. - બાલાસિનોર ખાતે |

# બાલાસિનોર નગર (પ્રસ્તાવીત) યોજના

નિચે લખ્યા મુજબના અંદાજીત એરીયા લખ્યા છે, જેની જરૂરીયાત પ્રમાણે આજ ફોર્મમાં વિગત ભરીને ફોર્મ માં લખ્યા મુજબના સરનામે મોકલી આપવા નમ્ર વિનંતી.

| ફ્લેટ ટાઈપ | કાર્પેટ એરીયા | અંદાજીત બીલ્ટ અપ એરીયા | અંદાજીત રકમ |
|---|---|---|---|
| 1BHK | 360 SQ/F | 525 SQ/F | ૨૧ થી ૨૪ લાખ |
| 2 BHK | 600 SQ/F | 890 SQ/F | ૩૫ થી ૩૮ લાખ |
| 3 BHK | 850 SQ/F | 1235 SQ/F | ૫૦ થી ૫૫ લાખ |
| રો હાઉસ | 1010 SQ/F | 1450 SQ/F | ૬૫ થી ૭૫ લાખ |
| બંગલો | 1250 SQ/F | 1815 SQ/F | ૯૦ થી ૯૫ લાખ |

**નામ** : ..........................................................................

**હાલનું રહેઠાણ** : ..........................................................................

..........................................................................

**ફ્લેટની પસંદગી** : ..........................................................................

**ફોન નંબર** : ..................... **મોબાઈલ** :.................................

**સહીકરનાર**

૧) સુધીર સી. ધારીયા : બી-૧૩, સ્ટાર ટ્રેડ સેન્ટર, ચામુંડા સર્કલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨

૨) બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ

૩) બાલાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રેડીટ સોસાયટી : બાબુ ગેનુ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ

૪) મણીકાંત કડકીઆ : સુરતી એન્ડ કાં. - બાલાસિનોર ખાતે



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો ફેબ્રુઆરી મહિનાનો કાર્યક્રમ 'Housie' મોરારબાગ ખાતે રાખવામાં આવી હતી. Housie માટે એક દાતા તરફથી મહિલા વિભાગને રૂા. ૧૫,૦૦૦/-નું માતબર દાન મળ્યું હતું. મહિલા વિભાગ તેમનો તથા તેમના પરિવાર જનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

Housie જુદી જુદી રીતે અને ચાર કલરની રમાડવામાં આવી હતી. ૧ Housie માં દસ Prize રાખવામાં આવ્યા હતા. ટોટલ ૪૦ Prize આપેલા. લગભગ ૩૦૦ જેટલી બહેનોએ એમાં ભાગ લીધો હતો અને દરેક આવનાર બહેનોને gift આપવામાં આવી હતી.

Housie રમીને નાસ્તાને ન્યાય આપી સૌ બહેનો હસતાં હસતાં છૂટા પડયા હતા.

મહિલા વિભાગનો આ મારો છેલ્લો કાર્યક્રમ હતો. આ બે વર્ષ દરમ્યાન પરોક્ષ કે પત્યક્ષ રૂપે જેણે મને મદદ કરી હતી તે સર્વનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આપના સાથ અને સહકારથી હું આટલા સારા પ્રોગ્રામ આપી શકું છું. તે માટે આપ સૌનો પણ ખૂબ ખૂબ આભાર અને મારા કાર્યક્રમને સફળ બનાવવા માટે દાતાઓનો પણ ખૂબ ખૂબ આભાર અને છેલ્લે મહિલા વિભાગ તરફથી આપ સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. આપનો સાથ અને સહકાર એ જ અમારી સફળતા.

**સંયોજક - નીલમ પરીખ- ૯૮૬૯૭૫૪૯૧૬.**

## લવાજમ વર્ષ ૨૦૧૧-૧૨

તારીખ ૬ એપ્રિલ બુધવાર, સમય : બપોરે ૩ થી ૫, લવાજમ રૂા. ૧૦૦/- સંસ્થાની ઓફિસમાં લેવામાં આવશે. અથવા તે પહેલા કોઈપણ કમિટિની બહેનને આપી શકો છો. તા. ક. સાથે સભ્ય કાર્ડ જરૂરી છે.

## મે મહિનાનો કાર્યક્રમ

**તારીખ : ૫ મે ગુરુવાર, સમય : બપોરે ૩ વાગે, સ્થળ : હિંદી વિદ્યા ભવન, (મરીન લાઈન્સ)**

''કૌન બનેગા વિદ્યાપતિ'' રમાડવામાં આવશે. આ કાર્યક્રમના પાસ તારીખ ૨૫-૪-૧૧ સોમવારે મંડળની ઓફિસમાં બપોરે ૩ થી ૫ દરમ્યાન આપવામાં આવશે. જેના રૂા. ૩૦ રાખવામાં આવ્યા છે. અને જે બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લેવો હોય તેના રૂા. ૨૦ રાખવામાં આવ્યા છે.

**- કુંજું શાહ - સંયોજક મહિલા વિભાગ**

## ઘાયલ

હું હતાશ થઈને બેઠો છું, વરસતો વરસાદ ભીંજવે છે !
હું વાટ જોઈને થાક્યો છું, દીલની આગ ઠારવું છું !
પાગલ સૌએ ગણી મુજને મુખડું સૌએ ફેરવી લીધું
ઘા પર ઘા ઝીંકી, ઘાયલ કરી હાસ્યનું મરહમ વેરે છે !
ઘાયકી ગત ઘાયલ જાને ઔર ન જાને કોઈ
ઘાયલ દીલને પૂછી જુવો, ઈલાજ, હા, ફક્ત એક જ-
અને એ છે 'ચાલ્યો જા', આ ક્રૂર દૂનિયાથી દૂર !

**-ચાંદશા - ચંદ્રકાંત શાહ (ચટઈ)**

# વ્યાખ્યાન કાર્યક્રમ

પ્રવક્તા

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી -અમદાવાદ)

## વિષય : ચતુઃ શ્લોકી

તારીખ :

૨૫-૨૬-૨૭ માર્ચ, ૨૦૧૧ (શુક્રવાર થી રવિવાર)

સમય

બપોરે ૩.૦૦ થી ૬.૦૦

સ્થળ :

પ્રેમપુરી આશ્રમ, ત્રીજા માળે, બાબુલનાથ સામે, મુંબઈ

મનોરથો :

તા. ૨૫-૩-૧૧ : શ્રી યમુનાજી લોટી મહોત્સવ

તા. ૨૬-૩-૧૧ : વ્રજકમલ

તા. ૨૭-૩-૧૧ : રસિયા-ફૂલફાગ

નિમંત્રક :

શાહ શાંતાબહેન મોહનલાલ (ચકવા) પરિવાર

જીતુભાઈ - ૯૬૧૯૭૫૫૧૪૨, ૦૯૪૪૭૦૫૫૧૪૨

મૂકેશભાઈ - ૯૯૩૦૫૨૭૩૬૭, ૯૩૨૨૨૨૭૩૬૭

સૌ વૈષ્ણવોને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

# PROMISE OF DONATION RECIVED ON OCCASION OF MARRIAGE

| NAME | SON/DAUGHTER | AMOUNT |
|---|---|---|
| SHREE NILESH KIRTANLAL PAREKH | SON MITUL | 51,000 |
| SHREE NISHIT RASIKLAL DHARIA (DALAL) | SON PANKIL | 252,252 |
| SHREE RASIKLAL RAMANLAL KADAKIA | GRANDSON PRATIK (SON OF KARTIKBHAI) GRANDDAUGHTER DHARA (DAUGHTER OF VINITBHAI) | 500,001 |
| SHREE PARESH RAMNIKLAL DESAI(INDORWALA) | DAUGHTER | 101,001 |
| SHREE PRAKASH MANGALDAS DHARIA(MATLI) | SON TEJAS | 101,001 |
| SHREE USNASH NAVINCHANDRA KACHERIA | DAUGHTER SALOMI | 101,001 |
| SHREE PRABODH RASIKLAL KADAKIA (HALOLWALA) | DAUGHTER VAISHALI | 2,501 |
| SMT MRUDULABEN RAMESHBHAI DHARIA) (SHERAWALA) (BY NITA JIGNESH DHARIA) | GRANDDAUGHTER DHAVANI | 75,500 |
| SHREE BHARAT NAVNITLAL DHARIA | SON KARAN | 101,001 |
| SHREE RASHMI MOHANLAL SHETH (ATTARWALA) | DAUGHTER BHUMIKA | 72,000 |
| SHREE KAUSHIK KANTILAL KADAKIA | DAUGHTER KHYATI | 101,001 |
| SHREE AJIT PUMANCHAND PARIKH (DHABELA) | SON JITEN | 25,000 |
| SHREE NIMISH MANHERLAL KADAKIA (MALAM) | DAUGHTER ADITI | 202,000 |
| SMT SARLABEN VASANTBHAI PAREKH BY AMIT VASANT PARIKH | GRAND DAUGHTER PRIYANKA | 101,001 |
| SHREE MANJUL SHAILESH DHARIA (HEADMASTER) | DAUGHTER TRISHA | 101,001 |
| SMT SUBHADRABEN BABULAL MODY (PAPERWALA) BY SHILPA AMIT MODY | GRAND DAUGHTER ESHANI | 111,111 |
| SMT MEETABEN CHANDRAKANT DHARIA(OLLA) | SON ASHISH | 11,000 |
| SMT NAYNABEN RASHMIBHAI KANTILAL DHARIA (LALKHA) | SON ADITYA | 201,000 |
| SMT CHANDRIKABEN PRAVINCHANDRA SHAH(BEANI) BY NIKHIL PRAVINBHAI SHAH | GRANDSON JIGAR | 101,001 |
| SMT SUSHILABEN RASIKLAL DHARIA (BALBAL) BY ASHOK RASIKLAL DHARIA | SON | 101,001 |
| NITA PARIKH | SON KHUSBOO | 25,001 |
| BIPIN OCHAVLAL SHAH(HATHIKANAWALA) | SON KUNAL | 51,000 |
| ` | **TOTAL** | **2,412,374** |

**IF ANY DONATION ON OCCASION OF MARRIAGE MISSED OUT INFORM MR VRAJESH DESAI**
**TEL - OFF - 40224000 - RESI. - 66572969**

**- VRAJESH DESAI**
**BHANDOL SAMEETEE-SANYOJAK**

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS

# BALASINOR PREMIER LEAGUE

# KADAKIA ENTERPRSE T20 TROPHY 2010-11

# BPL TOP XV PLAYERS OF THE SERIES.

## (CO-SPONSORER: SHRI SANJAY.C.MODY & SHRI SAMIR.C.MODY.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | SHITEN KANDAKIA | (2) | RIKIT MODY (Vice-Captain) | (3) | ASHWIN KARKERA |
| (4) | RITESH KADAKIA | (5) | VISAHL JARIWALA | (6) | NIRAV DESAI (Captain) |
| (7) | SAUMIT DHARIA | (8) | RIPAL DESAI (W.K.) | (9) | DIPEN MODY |
| (10) | SHAMIK SHAH | (11) | SAMIR R DESAI | (12) | SAUMIT DHARIA |
| (13) | NITIN GANDHI | (14) | MITEN PARIKH | (15) | RAKESH DHARIA |

**SHREE BALASINOR NAVYUVAK SANGH**
**UNDER 16 CRICKET MATCH. (Enrty fees 300/- per player)**

Please register your name for the BNS under 16 cricket match, which will be played in the month of April or May. Further information / dare & venue will be given later.

| | | | | |
|---|---|---|---|---|
| **Call :** | Kinjal Parikh | (BNS Convener) | - | 9820815584 or 8082432282 |
| | Chirag Parikh | (BNS Committee Member) | - | 9821574856. |

## Shree Balasinor Navyuvak Sangh

### Lalkha -Bera T20 Tournament. (Entry fees for 2 matches 600/- per player)

Please register your name for the BNS Lalkha-Bera T20 Tournament which will be played in the month of April or May. Further information / data & venue will be given later.

| | | | | |
|---|---|---|---|---|
| **Call :** | Kinjal Parikh | (BNS Convener) | - | 9820815584 or 8082432282 |
| | Chirag Parikh | (BNS Committee Member) | - | 9821574856. |
| | Nirav Desai | (BNS Committee Member) | - | 9323846842 |
| | Nihar Kadakia | (BNS Committee Member) | - | 9320165168 |
| | Chintak Parikh | (BNS Committee Member) | - | 9819286125 |

**Convener : Kinjal Parikh - Seceratry : Manjul Dharia**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# LIST OF DONORS

| Sr.No. | Name | Amount |
|---|---|---|
| 1 | Dr. Babulal.Mohanlal Parikh(Vakil) Haste Kashmira.B.Parikh | 1100000 |
| 2 | Meena Sudhir Dharia(Rangonwala) Haste Niyati Shanup Dharia | 1100000 |
| 3 | Manoj-Amrish Kacharia | 750000 |
| 4 | SurendrabhaiR.Parikh(Surendra Engg.Co.)& Daxessh-Minish.B.Kadakia (Kadakia Enterprise) | 750000 |
| 5 | Rasiklal Ramanlal Kadakia | 150000 |
| 6 | Shailesh Natverlal Kadakia (Dhangela) | 111111 |
| 7 | Subhadraben Babulal Mody(Paperwala) Haste Shilpa Amit Mody | 111000 |
| 8 | Manjul Shailesh Dharia(Headmaster) | 101001 |
| 9 | Sushilaben Rasiklal Dharia(Balbal) Haste Ashok Rasiklal Dharia | 101000 |
| 10 | Kamalaben.Ramanlal Shah (Chakva) Haste Kunkuben.Hemendra.Shah,Arunaben Dinkerlal Shah & Sumanben Suryakant Shah | 100000 |
| 11 | Chandrikaben Pravinchandra Shah(Beani) Haste Shaileshbhai Pravinchandra Shah | 100000 |
| 12 | Indiraben Sureshbhai Dharia(Balbal) Haste Dakshesh-Kalpesh-Roopesh | 100000 |
| 13 | Nayanaben Jitendra Mody Haste Alpa Saumil Mody | 100000 |
| 14 | Kusumben Navnitlal Shah(Ahodi) Haste Nilesh Navnitlal Shah | 100000 |
| 15 | Rashmibhai Kantilal Dharia(Lalkha) | 100000 |
| 16 | Kusumben Babulal Kadakia (Malam) | 100000 |
| 17 | Subhadraben Navinchandra Ramanlal Kacheria | 100000 |
| 18 | Praful.Ochavlal Sheth | 100000 |
| 19 | Jayantilal Gokaldas Gandhi | 100000 |
| 20 | Nikhil Pravinchandra Oshavlal Desai(Dedki) | 100000 |
| 21 | Parikh Shantilal Chandulal(Kuvawala) | 100000 |
| 22 | Manilal Chandulal Desai (Indorewala) Haste Lalitbhai Ramniklal Desai | 100000 |
| 23 | Kusumben Liladhar Doshi (Calcuttawala) | 100000 |
| 24 | Rashmikant Mohanlal Sheth(Attarwala) | 51000 |
| 25 | Hemaben Pareshbhai Parikh(Samadhani) | 51000 |
| 26 | Shashikant Manilal Gandhi | 51000 |
| 27 | Sachin Chabildas Sheth | 51000 |
| 28 | Tube Tools & Hardware Mart | 51000 |
| 29 | Kadakia Sharmistaben Rajnikant(Vallabhghela) | 51000 |
| 30 | Kaushik Kantilal Kadakia | 50000 |
| 31 | Minaxi Mohit Mehta | 50000 |
| 32 | Smith Ashok Shah | 50000 |
| 33 | Chetnaben Kadakia(Banada) Haste Minaben Kiran Parikh(Lhay) | 50000 |
| 34 | Urvashiben Jayendra Gandhi Haste Samir-Nikesh Gandhi | 31000 |
| 35 | Rajendra & Jagdish Parikh | 31000 |

| | | |
|---|---|---|
| 36 | Kaushik Navnitlal Kadakia(Behra) | 31000 |
| 37 | Mrudulaben Rameshchandra Dharia(Shehrawala) | 31000 |
| 38 | Ajit Punamchand Parikh(Dhabela) | 25000 |
| 39 | Kanubhai Harjivandas Gandhi | 25000 |
| 40 | Taraben Naterval Sakerlal Desai | 25000 |
| 41 | Chirag Valves & Tubes Haste Vijaybhai Mehta | 25000 |
| 42 | Paresh. Babulal. Kadakia | 25000 |
| 43 | N.M. Dharia & Co. | 25000 |
| 44 | Yatin Rashmikant Dharia(Lalkha) | 25000 |
| 45 | Sunil Navnitlal Mody | 25000 |
| 46 | Arvind.C.Parikh & Bhavik.A. Parikh | 25000 |
| 47 | Mohanlal.C.Parikh & Rajul M.Parikh | 25000 |
| 48 | Suresh Electric Corporation | 25000 |
| 49 | Rupal Enterprises | 25000 |
| 50 | Bipin Gokaldas Gandhi | 25000 |
| 51 | Suryakantaben Navnitlal Sakerlal Dharia(Matli) Haste Nilesh Dharia | 25000 |
| 52 | Well Wisher | 25000 |
| 53 | Well Wisher | 25000 |
| 54 | Nitin.Pravinchandra Gandhi | 25000 |
| 55 | Manjulaben Babulal Mody(Meghaliyawala) | 25000 |
| 56 | Nikitaben Hetalkumar Pravinchandra Kadakia(Kuniwala) | 25000 |
| 57 | Paresh.V. Mehta | 25000 |
| 58 | Kalpanaben Rasiklal Chimanlal Parikh (Rathodiya) | 25000 |
| 59 | Pushpaben Kantilal Parikh Haste Daxesh Kantilal Parikh | 25000 |
| 60 | Nitin Natverlal Desai(Nagar) | 21000 |
| 61 | Mukeshbhai Sheth(Attarwala) | 15000 |
| 62 | Dipikaben Bipin Mody | 15000 |
| 63 | Pravinchandra.C. Kadakia(Khisadar) Haste Chandresh. Pravinchandra Kadakia | 15000 |
| 64 | Paresh Commercial Corporation | 15000 |
| 65 | Bankim Rajnikant Parikh | 15000 |
| 66 | J.K.Trading Haste Bipin. K. Desai | 15000 |
| 67 | Gopalbhai.Maganlal.Shah (Gunthariwala) | 15000 |
| 68 | D.Harishkumar & Co. | 15000 |
| 69 | Nirav Asbestos & Teflon Co. | 15000 |
| 70 | Uddip Jatin Kadakia | 15000 |
| 71 | Nandish.S. Kadakia(Hyderabadwala) | 15000 |
| 72 | Majulaben Ochhavlal Mody | 15000 |
| 73 | V.B.R.Electric& Engineering Co. | 15000 |
| 74 | Shah Babulal Ochavlal(Shehrawala) | 15000 |

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘના હિરક જયંતિ મહોત્સવ નિમિત્તે ઈચ્છુક દાતાશ્રીઓને વિનંતી કે તેઓ ભંડોળ સમિતિના સંયોજક શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ - ૯૮૨૧૫૪૪૯૫૦ નો સંપર્ક કરવા વિનંતી.**

## અન્ન સહાય અને આર્થિક સહાય અંગે

**શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત ગીરીપૂજા શ્રી કોકિલા પ્રવિણચંદ્ર પુનમચંદ્ર બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના.**

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષ અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ના વર્ષ દરમ્યાન પણ સહાય આપવાની છે. આ માટે હાલમાં લાભ લેતાં કુટુંબીજનોએ તેમના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોથી ફોર્મ મેળવી તા. ૨૩-૩-૧૧ સુધીમાં ફોર્મમાં માંગેલી વીગતો ભરીને આપી જવા વિનંતી છે.

(૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**
૪૫-૪૯ બાલકૃષ્ણ, બાબુગેનુ રોડ, મુંબઈ-૨

(૨) **શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ**
૮/૯, મહેતા હાઉસ, પંડીત રમાબાઈ રાનડે રોડ, ભવન્સ કોલેજની સામે, મુંબઈ - ૪૦૦૦૦૭

(૩) **શ્રી દક્ષેશભાઈ કડકીઆ - કડકીયા એન્ટરપ્રાઈઝ**
૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ-૩

(૪) **શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ , બાલાસિનોર**

નોંધ : મુંબઈની બહાર તેમજ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળા કુટુંબીઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

**સંયોજકો : રજની લટકારી - શ્રી વા.દ.ની.ન.યુ. મંડળ**
**ઉર્વીશ મોદી(દેવ) - શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ**

# Recreation Club of Balasinor

**Kedar Hills, Balasinor - 388 255**

We are in the final stage of finishing Trust Registration, which in turn, will take possesion of two plots. One for Club House & another for Cricket Stadium & then same will be handed over to the club.

Exact date of starting issuing of forms will be announce in April 2011 issue.

**Sincerely yours**
**Dilip Lalkha (President)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

જત જણાવવાનું કે

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના કાર્યાલયની નામકરણ વિધિ

**તા. ૩.૪.૨૦૧૧, રવિવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે**

સંસ્થાના કાર્યાલયમાં કરવામાં આવશે.

કાર્યાલયને

**શ્રી સુરેન્દ્રભાઈ પરીખના માતુશ્રી શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ કાર્યાલય**

નામ આપવામાં આવશે. તેમજ દાતાના ફોટાનું અનાવરણ

**શ્રી નગીનભાઈ પારેખના** હસ્તે તે સમયે કરવામાં આવશે.

**- મંત્રી - મંજુલ ધારીઆ**

## નિમંત્રણ

**સ્વ. પ્રવિણચંદ્ર (બાબુલાલ) ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)ની સ્મૃતિમાં**

### :- ભક્તિ પ્રવચન :-

પૂ. પાદ શ્રી ૧૦૮ ગોસ્વામી શ્રી વલ્લભબાવાશ્રી આ પ્રસંગે ઉપસ્થિત રહી શ્રી આર્ચાયચરણના કૃપાપાત્ર સેવક વૈષ્ણવ મહાનુભાવ ૮૪ ભક્તોના ચરિત્રામૃતનું પાન કરાવશે.

**સ્થળ** : સ્વામીશ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ,
બાબુલનાથ, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

**તારીખ** : તા. ૧૭.૪.૨૦૧૧, **દિવસ** : રવિવાર

**સમય** : સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાક

**:- નિમંત્રક :-**

**મધુબેન પ્રવીણચંદ્ર શાહ (હાથીખાનાવાળા)**
**નીશાબેન દિવ્યેશ શાહ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | Marine Lines | (2) | Grant Road | (3) | Andheri (W) |
| (4) | Vile Parle (E) | (5) | Jogeshwari (W) | (6) | Malad (E) |
| (7) | Malad (W) | (8) | Kandivali (W) | (9) | Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

***સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ***

# કંઈક આકાર લઈ રહયું છે, સપનું સાકાર થઈ રહયું છે

બાલાસિનોર પ્રગતિસમાજની 'પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટમેનેજમેન્ટ' યોજના શરૂ કરતાં અમે એક સપનું જોયું હતું. એ સપનું હતું આપણા ગામની ટેલન્ટને અને યુવાનોને એક છત્ર નીચે લાવીને એમની ટેલન્ટનો લાભ સમાજને આપવો અને નવી પેઢીના યુવાનોને એકબીજાની સાથે ભળતાં કરવા, એમને સમાજ સાથે ફરીથી જોડી દેવા.

૧૩મી ફેબ્રુઆરીએ પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ' યોજના હેઠળનો ત્રીજો સેમીનાર સ્ટેટસ હોટલ, નરીમાન પોઈન્ટ ખાતે યોજવામાં આવ્યો હતો. વકતા હતા શ્રી નીશીતભાઈ રજનીકાંત શાહ (ચકવા) અને વિષય હતો Business Management & Enterprenuer ship at any Age.૨૮૫ જણાએ આ સેમીનારનો લાભ લીધો હતો. નીશીતભાઈના પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને પોતાના વિષયમાં માસ્ટરી જોઈને બધા ખુબજ પ્રોત્સાહિત થયા હતા. ક્વેશ્ચન આન્સર રાઉન્ડમાં બધાજ શ્રોતાઓએ ઉલ્લાસભેર લાભ લઈને બને એટલી માહીતી અને જાણકારી નિશિતભાઈ પાસે મેળવવાનો પ્રયત્નો કર્યો હતો. આપણે બધા જાણીએ છીએ એમ એક સફળ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ તરીકે નિશિતભાઈ પોતાની ક્ષમતા પુરવાર કરી ચુક્યા છે એટલે આ વિષય ઉપર એમનાથી વધુ જાણકારી કદાચ બાલાસિનોર સમાજમાં કોઈને નહી હોય. તેઓનું પ્રગતિસમાજ વતી મેમેન્ટો અને શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને પુરુસ્કૃત કરનાર ફરીથી એજ નગરશેઠ પરિવાર હતો સતત ત્રણ સેમીનાર સ્પોન્સર કરનાર નગરશેઠ પરિવાર તરફથી આ વખતે શ્રીમતી નીશીતાબહેન જયેશભાઈ શાહ (નગરશેઠ) સ્પોન્સર તરીકે બિરાજમાન હતા. તેઓનું યોગ્ય સન્માન કરીને પ્રગતિ સમાજે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આગામી સેમીનારમાં આનાથી વધુ સંખ્યામાં શ્રોતાઓની આશા છે. જેની માહીતી અમે Email દ્વારા અને જ્યોતિપુંજ દ્વારા આપતા રહીશું. તમે તમારું ઈમેઈલ એડ્રેસ ન નોંધાવ્યું હોય તો balasinor,pragatisamaj@gmail.com ઉપર નોંધાવી દેશો. અત્યાર સુધીના ત્રણે સેમીનારની સીડી રૂા. ૩૦ આપીને પ્રગતિસમાજની ઓફિસેથી મેળવી શકાશે. તમે આ ત્રણ સેમીનાર એટેન્ડ ન કરી શક્યા હો તો આ તક ચુકવા જેવી નથી આપના કુટુંબીજનોને પણ આનો લાભ આપી શકાશે. તો મળશું ને ફરીથી આવતાં સેમીનારમાં ?

**-પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ સમિતિ વતી**
**પંકજ ધારીઆ.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**

**નોટબુક રાહત યોજના**

**શ્રી મનોજભાઈ -અમરીશભાઈ કચેરીયા**

**કન્સેસન્લ રેટ નોટબુક યોજના**

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખી બજાર કીંમત કરતા સસ્તા દરે A-4 સાઈઝ અને રેગ્યુલર સાઈઝ નોટબુકનું વહેંચાણ મે મહીનામાં હાથ ધરાશે. જેની તારીખ તથા વહેંચણીની વિગત (એપ્રીલ) માસના જ્યોતીપુંજમા પ્રકટ થશે. જેની નોંધ લેશો.

**સંયોજક - જસ્મીન બિ. શેઠ (અત્તરવાલા)**
**મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ**

## શ્રી વાડાસિનોર દસાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળ અને ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક યોજનાઓ પૈકીની બે યોજનાઓ પોતાની ઓળખ માંગે છે. સમાજનાં દાતાઓને આગ્રહભરી અપીલ કરીએ છીએ, આપના કે આપનાં પ્રિયજનનાં નામ આપી ભવિષ્યના દાતાઓનાં ઘડતર માં સહભાગી બનો.

દાતાઓને આવકારતી યોજનાઓ

૧ Higher Education Scheme
રૂ. ૧૧,૦૦,૦૦૦

૨ Post Graduate Education Scheme (Master's Degree)
રૂ. ૭,૫૦,૦૦૦

આ ઉપરાંત મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂ. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા દાતાઓ પણ અપીલ કરીએ છીએ. દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂ. ૧૦,૦૦૦/-ના એક એવા અનેક યુનીટ પ્રાપ્ત થયા છે, આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

સુધારો : ગયા અંકમાં દાતાઓની સુચિમાં શરતચુકથી શ્રી કાર્તિક રસિકલાલ કડકીઆ (RR)નું નામ છપાયું હતું, તે બદલ કોઈની પણ લાગણી દુભાઈ હોય તો વિદ્યોતેજક મંડળ ક્ષમા પ્રાર્થે છે. સદર રૂ. ૧,૦૦,૦૦૦નું દાન સમાજનાં દરિયાદિલ દાતા શ્રીમતી મીનાક્ષી મોહિતકુમાર કાંતિલાલ મહેતા (લેડી) તરફથી પ્રાપ્ત થયું છે, તેની નોંધ લેવા વિનંતી. સમાજ અને મંડળ વતી અમે દાતાશ્રીના આભારી છીએ.

**કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આપ સૌની જાણ ખાતર જ્યોતીપુંજ નવયુવક સંઘનું માસીક મેગેઝીન છે અને તે દર મહીનાની ૧૪ તારીખે અથવા મોડામાં મોડું ૧૫ તારીખે મુંબઈ જી.પી.ઓ ખાતે પોસ્ટ કરવામાં આવે છે. જે કોઈ વાંચકોને જ્યોતીપુંજ નિયમીત ન મળતું હોય તો તેઓએ તેમની લોકલ પોસ્ટ ઓફીસમાં તપાસ કરવા વિનંતી. અમારી દરેક કોશિષ એ રહી છે કે જ્યોતીપુંજ દરેકે દરેક વાચકોને સમયસર મળે. એ હેતુ થી તો વાચકોનું મેલીંગ લીસ્ટ પણ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યું છે. જેથી તેમાં ત્રૂટી રહેજ નહીં. આ છતાંપણ કોઈ વાચકોને જ્યોતીપુંજ ના મળે તો તેમણે સંસ્થાના મંત્રી ને લેખીત કાગળ લખી જણાવવું અને તેમાં પોતાનો મેમ્બરશીપ નંબર જે Computer No. છે જેમ કે L o214 x 25xj જે થી અમને તમારું એડ્રેસ ચેક કરવામાં ખુબજ સરળતા પડે. અમારી આપ સૌને વિનંતી કે પોતાને જ્યોતીપુંજ ન મળવાની અથવા કોઈપણ જાતના સમાચાર જે વા કે ટેલીફોન નંબર ન બદલાતા ઘરનું સરનામું બદલાયું હોય તેની જાણ ફોન પર કાર્યકર્તાને ન કરતાં લેખીતમાંજ મોકલવી. ફોન પર આપેલી માહીતી માટે સંસ્થાના કોઈ પણ કાર્યકર્તા જવાબદાર રહેશે નહી. આપના સાથ અને સહકાર અમને કાર્ય કરવામાં ખૂબ જ ઉત્સાહ પ્રેરક છે. અને ભવિષ્યમાં પણ આવોજ સાથ અને સહકાર રહેશે. તેવી વિનંતી.

**સંયોજક - સમીર ગાંધી માનદ્- મંત્રી - મંજુલ ધારીયા**

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુકરણીય દાન

સવિનય જણાવવાનું કે આપણી અગ્રગણ્ય સંસ્થાને ઉદાર દિલ બે દાતા પરિવાર તરફથી ન્યાસફંડ મળેલ છે. તેની સંસ્થા જાહેરમાં નોંધ લે છે ને દાતા પરિવારોનો ઋણ સ્વીકાર કરે છે.

ભાઈશ્રી ચિંતન અશિતભાઈ દેસાઈ (દેડકી) ના લગ્નની ખુશાલીમાં રૂ. ૧,૦૦,૦૦૦/-નું માતબરદાન શ્રીમતી સરલાબહેન નવનીતલાલ દેસાઈ (દેડકી) ન્યાસફંડ પેટે શ્રી નવનીતલાલ ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) પરિવાર તરફતી 'નોટબુક યોજના' માટે મળ્યું છે.

આ ન્યાસફંડના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહતના દરે 'સુંદરમ બુક મેન્યુ'ની ઉચ્ચતમ ગુણવત્તાની નોટબુકો આપવામાં આવશે. કોલેજના આશરે ૧૯૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૬૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૧,૧૨,૦૦૦/-ની કિંમતની નોટબુકો રાહતના દરે પ્રતિવર્ષ આપવામાં આવે છે.

આ અગાઉ સંસ્થાને ૯ (નવ) ન્યાસફંડ નોટબુક યોજના માટે મળ્યા છે. અને ખર્ચપેટે ખૂટતી રકમની જોગવાઈ સંસ્થા પોતાની અન્ય આવકમાંથી કરે છે.

(૨) શ્રી કાંતિલાલ લલ્લુભાઈ કડકીઆ પરિવાર તરફથી શ્રી કાંતિલાલ લલ્લુભાઈ કડકીઆ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી અગાઉ રૂ. ૫૦,૦૦૧/- (અંકે રૂા. પચાસ હજાર એક)નું માતબર દાન શિક્ષણોત્તર ઈનામો માટે મળ્યું હતું. તેમાં રૂ. ૫૧૦૦૦/-(અંકે રૂ. એકાવન હજાર)ની વધારાની રકમ આ દાતા પરિવાર તરફથી મળતાં રૂ. ૧,૦૧,૦૦૧/- (અંકે રૂ. એક લાખ એક હજાર એક)નું ન્યાસફંડ શ્રી કાંતિલાલ લલ્લુભાઈ કડકીઆ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ પેટે પ્રાપ્ત થયું. આ રકમના વ્યાજમાંથી કોલેજના વિદ્યાર્થીઓને પારિતોષિક પેટે શિક્ષણોત્તર ઈનામો અપાશે આ પરિવારના શ્રી કૌશિકભાઈ કાંતિલાલ કડકીઆ આપણી સંસ્થાના કારોબારી સભ્ય છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

યજુર્વેદનો શ્લોક છે 'પાવકા નઃ સરસ્વતિ' એટલે કે સરસ્વતિ અમને પવિત્ર કરે.

પરમ કૃપાળુ ઈશ્વરે આપણને તન, મન અને ધન આપ્યા છે, ત્રણેનો સ્વભાવ મેલા થવાનો છે. તનને આપણે સ્થાનથી, મનને ધ્યાનથી અને ધનને દાનથી શુદ્ધ કરવા જોઈએ. એવી શાસ્ત્રોની આપણને આજ્ઞા છે. ઈશ્વર આપણને શક્તિ, ધન અને જ્ઞાન આપે છે. બીજાનું રક્ષણ કરવા, મદદ કરવા તથા વહેંચવા. જે ઈશ્વરની આજ્ઞાનું /ઈચ્છાનું પાલન કરે છે તેની શક્તિ, ધન અને જ્ઞાન વધતાંજ જાય છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારીની ત્રીજી બેઠક તા. ૨૮-૨-૧૧ના રોજ પ્રમુખ શ્રી જતીન દેસાઈના પ્રમુખ પદે મળી હતી. જેમાં કુલ્લે ૧૩ સભ્યો હાજર રહ્યા હતા. મંડળ તથા ટ્રસ્ટની ૨જી બેઠકની મીનીટસ વાંચીને પસાર કરવામાં આવી હતી.

ટ્રસ્ટના એજન્ડા હેઠળ મેડીકલ સેન્ટર ખાતે નવું પ્રાઈસલીસ્ટ બનાવવું. ડેન્ટીસ ચેર, ફીઝીસીયન બેસી શકે એવી રીતે પ્લાન કરી સેન્ટરનું રીનોવેશન કરવું, લીપીડ પ્રોફાઈલ પર જુન મહિનામાં એક કેમ્પ કરવો અને એના માટે એક સેમીનારનું આયોજન કરવું. આ કેમ્પ સર્બનમાં પણ કરવો. જ્યોતિપુંજ દ્વારા સેન્ટરની પબ્લીસીટી કરવી અને એનાં લગતાં આર્ટીકલ લખવાં. બ્લડ એનેલાઈઝર મશીન જરૂર પડેતો કદાચ નવું લેવું. આ ઉપરનાં એજન્ડા સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યા હતા.

માજી પ્રમુખ શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ (આર.આર.)ના દુ:ખદ અવસાનની નોંધ લેવામાં આવી હતી અને તેમની જગ્યાએ તેમના સુપુત્ર ચિ. વિનીત રસીકલાલ કડકીઆની દાતા ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વિનીતભાઈ આગામી મિટિંગમાં આમંત્રીત તરીકે ઉપસ્થિત રહી શકશે. રૂ. ૧૧ હજારનું દાન ટ્રસ્ટને બીપીન ઓ. શાહ (હાથીખાનાવાળા) તરફથી પ્રાપ્ત થયું છે. દાતાનો આભાર. ચાલુ વર્ષ દરમ્યાન ત્રણ સભ્યોને લગ્ન રાહત આપવામાં આવી છે. અને ત્રણ કુટુંબને મુક્તિધામ યોજના હેઠળ રાહત આપવામાં આવી છે. આઠ સભ્યોની લીવ પુરવામાં આવી હતી.

**- સોહીણી કડકીઆ - પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

## અભિનંદન



આપણા બાલાસિનોરના જાણીતા ઉદ્યોગપતિ **શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ**ને બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત સ્વર્ણિમ ગુજરાતી મહોત્વસ ૨૦૧૧ પ્રસંગે મેટલ એન્ડ ટ્રેડ ઈન્ડસ્ટ્રીઝ એવૉર્ડ શ્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. સુરેન્દ્રભાઈના અનેક એવોર્ડોમાં આ એક ઓર વધારો થયો છે. બાલાસિનોરની જનતા સુરેન્દ્રભાઈની આ ઉપલબ્ધિ માટે ગૌરવ અનુભવે છે.

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

**(૧) નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ :** બાલાસિનોર કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં ૧૭મો હાર્ટ કેમ્પ તાઃ ૧૩-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ. જેમાં અમદાવાદના કાર્ડીયાકસર્જન ડૉ ભુપેશ ડી શાહ તથા સાથી ડોકટરોએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૧૦૩ દર્દીઓ નોધાયેલા. તે પૈકી ૫૪ દર્દીઓના ઈ.સી.જી ફ્રી કરવામાં આવેલ. તેમજ ૫૦ દર્દીઓને ઈકો તદ્દન રાહત દરથી કરવામાં આવેલા. જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવેલ છે.

**(૨)ન્યુરોસર્જરી નિદાન કેમ્પ :** તા. ૧૩-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ન્યુરોસર્જન ડૉ. સંદીપ શાહ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૨૧ દર્દીઓ નોધાયેલા. તમામ દર્દીઓને તપાસીને જરૂરયાતવાળા દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવેલ છે.

**(૩) તારાબહેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ કિડનીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૧૩-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નેફ્રોલોજીસ્ટ ડૉ. જાવેદ વકીલ સેવાઓ આપેલ. જેમાં કુલ ૨૬ દર્દીઓ નોંધાયેલા. જેઓને તપાસીને દવા ફ્રી આપવામાં આવેલ છે.

**(૪) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથપગ કેમ્પઃ** તા. ૧૮-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૫ દર્દીઓ નોધાયેલા. તે પૈકી ૧૯ દર્દીઓને ૧૯ આર્ટીકલ્સ આપવામાં લઈજઈ ટ્રાયલ આપીને વિનામુલ્યે તા. ૬-૩-૧૧ના રોજ વિતરણ કરવામાં આવનાર છે.

**(૫) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ કેમ્પઃ** તા. ૨૦-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં આણંદના ફિજીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓના સાથી ડોકટરોની ટીમે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૧૭૮ દર્દીઓ નોધાયેલા. જેમાં ૨૫ દર્દીઓના ઈ.સી.જી. તેમજ ૧૮૨ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ છે. તેમજ ૧૭૩ દર્દીઓને જરૂરી દવાઓ ફ્રી આપવામાં આવેલ છે.

**(૬) કમળાબહેન અને મણીલાલ સી મોદી ( ચેપ) એન્ડોસ્કોપી કેમ્પ :** તા. ૨૦-૨-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં વડોદરાના ડૉ. ચિરાયુ ચોકસી સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૧૨ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૪ દર્દીઓની એન્ડોસ્કોપી ફ્રી કરવાનું નક્કી કરેલ છે.

**(૭) બાળ ફીજીયોથેરાપી વિભાગનું ઉદ્દઘાટન :-** હોસ્પિટલમાં ફિજીયોથેરાપી વિભાગમાં બાળકોની ફીજીયોથેરાપી માટેના સાધનો 'કચેરીઆ ફાઉન્ડેશન' તરફથી શ્રી જીતુભાઈ કચેરીઆ દ્વારા સાધન દાનમાં મળેલ છે. આ વિભાગનું ઉદઘાટન તા. ૨૦-૨-૧૧ને રવિવાર રોજ ડૉ. શિશિરભાઈ પી ગાંધીના વરદ હસ્તે કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી મુ.શ્રી નવીનચંદ્ર સી શાહ, સ્થાનીક મંત્રીશ્રી રજનીભાઈ ઓ શાહ, મુંબઈ કારોબારી સમિટિના સભ્યો શ્રી નિતિનભાઈ પરીખ (કારોબારી મંત્રીશ્રી), શ્રી પરેશભાઈ (દુધવાળા) તથા ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ શેઠ, સ્થાનીક કમિટિના સભ્યોશ્રી કિરતનભાઈ પારેખ, શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી હાજીઅ.મુનાફભાઈ શેખ તથા શ્રી પાંડે હાજરી આપી હતી. આ વિભાગ તાલુકાની ગરીબ તથા મધ્યમવર્ગની પ્રજા માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

**- માનદ્ મંત્રીઓ**

## ગ્રામ સેવા સમાજ . (બાલાસિનોર)
## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

દીવાળીના પર્વ નિમિત્તે સંસ્થાની અપીલના પ્રતિસાદમાં વધુ દાતાઓનો સહકાર મળ્યો છે. સહુ દાતાઓનો આભાર. પાર્કના નિભાવ અને વિકાસની અપીલના પ્રતિસાદમાં વધુ દાતાઓનો સહકાર મળશે. આપ આપનો ફાળો અમારા કાર્યકર્તાઓને જરૂર નોંધાવશો એ અપેક્ષા સાથે,

**- શ્રી રજનીભાઈ ઠાસરાવાળા - મંત્રી**

**તા. ૨૦-૨-૧૧ સુધીની યાદી**

**રૂ. ૧૧,૦૦૦/-**

એક શુભેચ્છક દાતા

**રૂ. ૫,૦૦૦/-**

પન્ના અને અજીત કાંતિલાલ શેઠ.

મંજુલાબહેન બાલુલાલ શાહ (ઝાટ)

પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (પી.કે,)

**રૂ. ૨,૫૦૦/-**

ઈંદિરાબહેન મહેન્દ્રકુમાર પરીખ (લાકડાવાળા)

પલ્લવી કીર્તિકુમાર પરીખ (લાકડાવાળા)

અજીત કાંતિલાલ ચાંદીવાલા

ભારતી અજીત ચાંદીવાલા

ચેતન મુળજીભાઈ પરીખ

**રૂ. ૨,૦૦૦/-**

પ્રશાંત રશ્મિકાંત દેસાઈ (પેઢીવાળા)

ગિરીશકુમાર ઓચ્છવલાલ મોદી (કારકુન)

જયંતીલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા)

સુરેશચંદ્ર મોજીલાલ મોદી

નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

ચંચળબહેન હીરાલાલ ધારીઆ (જાલીવાળા)

પ્રીતી સચીન ચાંદીવાલા

રજનીકાંત જયંતીલાલ કચેરીઆ (ઠાસરાવાળા)

વિજય શાંતિલાલ ધારીઆ (માટલી)

**રૂ. ૧,૦૦૦/-**

નવનીતલાલ વલ્લભદાસ ગાંધી

નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (બખલી)

નયનાબહેન જીતેન્દ્રભાઈ મોદી

એક શુભેચ્છ બહેન

મંજુલાબહેન પુમનચંદ ધારીઆ (બલબલ)

## જ્યોતિપુંજમાં મેટર આપવા બાબત અગત્યની જાહેરાત

- દરેક સંસ્થાઓને વિનંતી કે તેમનાં સંસ્થા સમાચાર સુવાચ્ય અક્ષરોમાં, તેમની સંસ્થાના લેટરહેડ ઉપર અથવા રબર સ્ટેમ્પ સાથે સંબંધિત અધિકારીનાં નામ અને સહી સાથે મોકલાવવાં.
- કોઈપણ વ્યક્તિએ કે સંસ્થાએ, તંત્રી કે બા.ન.સંઘનાં મંત્રીની જાણબહાર, મેટર સીધી પ્રેસ પર મોકલવી નહીં.
- વ્યક્તિગત લેખો, કવિતાઓ કે અન્ય સામગ્રી તેમજ પ્રકિર્ણ વિભાગની માહિતી ફુલસ્કેપ અથવા નોટબુકનાં સરખાં કાગળ પર સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવી. ચબરખી કે ચીઠ્ઠી પર મોકલેલ માહિતી અથવા ઝેરોક્ષ કોપીની નોંધ લેવાશે નહીં.
- જ્યોતિપુંજ આપનું પોતાનું પ્રકાશન છે, તેનાં વ્યવસ્થાપનમાં આપનો સહકાર અનિવાર્ય છે.
- મહિનાની ૨૯મી તારીખ પછી કોઈપણ મેટર સ્વીકારવામાં નહી આવે.

**- મંત્રી મંજુલ ધારીયા**

**- તંત્રી નિખીલ પરીખ**

# હિરક જયંતિ મહોત્સવના અતિથિ વિશેષ



ઈશ્વર ભક્તિ અને સમાજની સેવા કરનાર શ્રેષ્ઠ ''ભક્ત''નું ઉપનામ મળે છે. મુરબ્બી શ્રી ચીમનલાલ કોદરલાલ પરીખ (ભગત) એક નેકદિલ અને સેવાભાવી ઈન્સાન હતા. પિતાના સંસ્કાર તેમના વચેટ પુત્ર મયુરભાઈમાં સંપૂર્ણપણે ચરિતાર્થ થયા છે. જનમતાની સાથે જ ભગતનું ઉપનામ મેળવનાર મયુરભાઈ ચીમનલાલ પરીખનો જન્મ ૧૯૪૭ના મુંબઈ મુકામે થયો હતો. અભ્યાસ B.Sc સુધીનો તેમના લગ્ન સેવાભાવી એવા યોગીબહેન સાથે થયા અને તેમના કુટુંબમાં પુત્ર હેમલ (ઈલેકટ્રોનીક એન્જીનીયર) અને પુત્રી પાયલ (બી.કોમ + ફેશન ડીઝાઈનર + યોગાનો કોર્સ) છે. ૧૯૬૮માં તેઓ તેમના પિતાશ્રીના ધંધામાં જોડાયા અને ૧૯૮૨માં પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો.

પહેલેથીજ અગ્રસ્થાને રહેવામાં માનતા મયુરભાઈએ પોતાના ધંધામાં પ્રગતિની સાથે સાથે ૧૯૭૦માં મિત્રો સાથે મળીને યંગ્સ એશોસીયેશન ઓફ ધી બોમ્બે પાઈપ્સ એન્ડ ફીટીંગ્સ મરચંટની સ્થાપના કરી અને તેમાં ૨૭ વર્ષો પર્યંત અવિરત સેવાઓ આપી. પોતાની કુનેહ અને ધગશને કારણે તેઓએ પોતાની સેવાઓનો વિસ્તાર કરવાનું વિચારી ૧૯૭૬માં ધી બોમ્બે પાઈપ્સ એન્ડ ફીટીંગ્સ મરર્ચન્ટસ એશોસીયેશનમાં જોડાયા અને વિવિધ હોદાઓ કુશળતાપૂર્વક સંભાળી ૩૧ વર્ષો સુધી તેમની માનદ્ સેવાઓ આપી. આ સમય દરમિયાન વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૧ સુધી માનદ્ પ્રમુખપદે રહી એશોસીયેશનને યોગ્ય માર્ગદર્શન આપ્યુ. હાલમાં તેઓ ધી બોમ્બે મેનેજીંગ ટ્રસ્ટની રૂએ માર્ગદર્શન તેમજ નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત તેમની કેંપમાં એક વધુ પીંછા રૂપે તેમના ધંધાના સ્થાન-નાગદેવી વિસ્તારની આજુબાજુમાં આવેલા પાંચ એશોસીએશનનો સમુહ કે જેનો વ્યવહાર 'નાગદેવી એકશન કમિટિ' દ્વારા થાય છે. તેમાં તેઓ ૧૯૮૪ થી કાર્યરત છે અને આ પાંચ એશોસીયેશના સભ્યોના પ્રશ્નો ઉકેલવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે અને હાલમાં તેઓ નાગદેવી એકશન કમિટિના વાઈસ-ચેરમેનના પદે રહી પોતાની સેવાઓ આપી રહ્યા છે. આટલા વ્યસ્ત હોવા છતાંય તેઓ આપણા સમાજ પ્રત્યેની ફરજો પણ ચૂક્યા નથી. આપણી વિવિધ સંસ્થાઓમાં અનેકવિધ હોદાઓ પોતાની આગવી સુઝ અને ચતુરાઈથી સંભાળી પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે. આપણી અગ્રણી સંસ્થા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના ૮ વર્ષો પર્યંત સમિતિના સભ્ય તેમજ મંત્રી તરીકેની સેવાઓ પણ આપી છે. તેમજ વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.માં ૧૦ વર્ષો સુધી સફળતાપૂર્વક ખજાનચીનું પદ સંભાળી હાલમાં ચેરમેનપદ શોભાવી રહ્યા છે. તેઓએ આપણા સમાજના જરૂરિયાતમંદોને ધ્યાનમાં રાખી આપણી જુદી જુદી સંસ્થાઓને વખતો વખત માતબર દાન આપવામાં પણ અગ્રેસર રહ્યા છે. રમતગમતના ક્ષેત્રને પણ પોતાની સેવાઓમાં આવરી લીધું છે. બીસીએ ગરવારે ક્લબમાં વિવિધ સમિતિઓમાં રહી ૧૬ વર્ષો સુધી પોતાની સેવાઓ આપી રહ્યા છે. આટલા વિશાળ ફલક ઉપર કાર્યરત હોવા છતાંય તેઓ પોતે જ્યાં વર્ષોથી રહે છે તે ધનવંતરી ભવન કો.ઓ.સોસાયટી લી.માં મંત્રીપદ સફળતાથી સંભાળી હાલના તબ્બકે ચેરમેનનું પદ શોભાવી રહ્યા છે. આપણા સમાજના ગૌરવવંતા અને બહુમુખી પ્રતિભા ધરાવનાર મુયરભાઈએ નવયુવક સંઘના હિરક જયંતિના ભવ્ય સમાપન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહેવાની સંમતિ આપવા માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **ભાગ્યેશ શશીકાતં શાહ**
બી-૬૦૧, ૬ઠ્ઠે માળે, ધરમ પેલેસ,
શાંતીવન. બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૬૬

૨) **સાહિલ દીનકરલાલ ગાંધી**
બી-૧/૪૦૫, ગોલ્ડ કોઈમ કો.ઓ.હા.સો.
સોબો સેન્ટ્રલની સામે, તારદેવ, મુંબઈ - ૩૪

૩) **પ્રવિણ જે. ભટ્ટ**
બિલ્ડીંગ નંબર-૪-એ, ફ્લેટ નંબર-૧,
મજીઠિયા નગર, એસ.વી.પી.રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭
ફોન : ૯૯૩૦૮૭૦૭૫૭

૪) **તરૂલતા જે. મોદી - સૌમિલ મોદી**
ડી વીંગ, ફ્લેટ નંબર-૭૦૬
વ્રિંદાવન સોસાયટી, રામબાગ લેન,
ઓફ એસ.વી. રોડ, વિજય સેલ્સની પાછળ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨

૫) **ઈલા જે. કડકીઆ**
ધ સુર્વણ અમૃત કો.ઓપ. સોસાયટી લી.
બી/૧૭, તારદેવ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭
ફોન : ૨૩૮૫૨૨૧૧
જીતેન્દ્ર કડકીઆ મોબાઈલ - ૯૮૨૦૦૯૭૦૮૯
ઈલા જે. કડકીઆ મો. - ૯૮૨૦૦૭૭૫૮૫

## નવા ટેલીફોન નંબર

૧) **અજીત કે. ચાંદીવાલા** - ૮૦૮૦૧૨૩૪૬૫
**ભારતી અ. ચાંદીવલા** - ૯૦૦૪૫૬૦૦૮૬
ઘર : ૨૩૮૭૯૩૨૩

૨) **રીપલ શીરીષ કડકીઆ**
ઘર : ૪૦૧૧૨૦૪૭

૩) **ચંદ્રીકા શીરીષ કડકીઆ**
ઘર : ૨૩૫૨૧૯૯૪

## અભિનંદન

**ઉષાબેન શૈલેષ ધારીઆને અભિનંદન**

ટી.વી. માધ્યમની માય ચેનલ પર ૬૦૦ સ્પર્ધકોમાંથી ૩૨ સ્પર્ધકોની વચ્ચે 'ઉંધિયા' સ્પર્ધામાં પહેલું ઈનામ - સોનાની ચેન મેળવી છે. રવિવારના ૧૬ તારીખ ફેબ્રુઆરી ૨૦૧૧ના જન્મભૂમિ પ્રવાસીમાં તેમનો ફોટો સવિશેષ સમાચાર સાથે છપાયો હતો. ૭૭ વર્ષની વયે આ પહેલું ઈનામ જીતી બાલાસિનોરનું ગૌરવ વધાર્યું છે.

એમને સૌ બાલાસિનોરવાસીઓ તરફથી અભિનંદન.

- શ્રી લલીતભાઈ રમણીકલાલ દેસાઈની (ઈન્દોરવાળા) સુપુત્રી ક્રીનીતાના લગ્ન પ્રસંગે **રૂા. ૧,૦૦,૦૦૦/-** દાનનું વચન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓની અને તેમના કુટુંબીજનોની આભારી છે.

**- મંત્રી - મંજુલ ધારીઆ**

## લગ્ન નોંધ

૧) **કૃતિ** અનુપ સોમાલાલ શેઠ
**અનિષ** દીપકભાઈ મહેતા
૨) **સિતાંશુ** કીરણ ચંદ્રકાંત દેસાઈ
**તૃપ્તી** કીર્તીકુમાર જેઠલાલ શાહ
૩) **હર્ષદ** અજય પ્રવિણચંદ્ર દોશી
**શિરાલી** કલ્પેશ કાંતીલાલ કડકીઆ (બરોડા)
૪) **રીષીતા** કેતન મોદી - ચોધરી
**ક્ષીતીજ** જનકભાઈ ઝવેરી
૫) **ભાવીન** દીનેશ મોહનલાલ દેસાઈ (રેડીયોવાલા)
**પંકીતા** નીશીથભાઈ નટવરલાલ પરીખ (સમડીવાલા)

## તેજસ્વી તારલાં

- **કુ. ડૉ. પુજા કૌશિક રેણાવાલા** તે કૌશિક નટવરલાલ રેણાવાલા તથા રક્ષા કૌશિક રેણાવાલાની સુપુત્રી U.S.A. માં(California) M.S. (Master of Physical Therapy) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.
- **શાહ મુક્તિ નીલેશ (નગરશેઠ)** M.B.B.S. First Class માર્ક મેળવી ઉત્તીર્ણ થયા છે.

સંસ્થાવતી ખુબ ખુબ અભિનંદન.

### સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **- માનદ્ મંત્રી મંજુલ ધારીઆ**

### જ્યોતિ પુંજના ભુતપુર્વ તંત્રી શ્રી પંકજ શાહની વિદાય

૧૯૮૩ થી ૧૯૮૫ સુધી જ્યોતિપુંજના તંત્રી તરીકેની સેવા આપનાર શ્રી પંકજભાઈ શાહનું ફક્ત ૫૯ વર્ષે અચાનક અવસાન થયું છે. તંત્રી હોવા ઉપરાંત તેઓ બાલાસિનોરના અન્ય મંડળોમાં પણ સક્રીય કાર્યકર્તા હતાં. ઉપરાંત સારા વક્તા હોવાને કારણે કેટલાંયે કાર્યક્રમોનું સંચાલન પણ સફળતાપૂર્વક નીભાવ્યું હતું. તંત્રી તરીકેની જવાબદારી છોડયા પછી પણ તેઓ જ્યોતિપુંજના વાંચકો માટે નિયમત લેખો મોકલતાં હતાં. આવા સારા લેખકની ખોટ જ્યોતિપુંજને હંમેશા સાલશે. તેઓના કુટુંબીજનોનાં દુઃખમાં જ્યોતિપુંજ પરિવાર સહભાગી છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના. **- નિખિલ પરીખ - તંત્રી**


## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મંજુલાબેન કાંતિલાલ કડકીયા (મરઘા) | ૮૨ |
| જયંતીલાલ સાંકરલાલ ગાંધી (કલકતા વાળા) | ૮૯ |
| કુસુમબેન નવનીતલાલ પરીખ | ૭૫ |
| બાબુલાલ ચંદુલાલ મોદી (પેપર વાળા) | ૮૭ |
| ગંસ્વ. શાંતાબહેન રમણલાલ ધારિયા | ૮૮ |
| પંકજ નવનીતલાલ પરીખ (બખલી) | ૬૩ |
| રસીકલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૮૦ |
| નીતીન કાંતિલાલ દોશી | ૫૫ |
| પંકજ કીરતનલાલ શાહ | ૫૯ |
| મુકેશ ચીમનલાલ દેસાઈ (તલાટી) | ૬૫ |
| મધુબહેન નવનીતલાલ મોદી (ચોધરી) | ૭૭ |
| કાર્તીક રમેશચંદ્ર પરીખ (મોટા) | ૩૮ |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

**3rd Cover Page**



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ હીરક જયંતિ મહોત્સવ

## મુખ્ય મહેમાન શ્રી કુંદન વ્યાસનો પરિચય

ગુજરાતી પ્રજા માટે કુંદનભાઈનું નામ અજાણ્યું નથી. એમાં પણ જન્મભૂમિ વાંચતાં બધા જ પરિવારોમાં કુંદન વ્યાસનું નામ ખુબ આદરથી લેવાય છે. ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે પણ આ નામ એટલા જ આદરથી લેવાય છે અને એનું કારણ છે અમનો ૫૦ વર્ષનો અનુભવ. આ વર્ષે કુંદનભાઈને પણ પત્રકારત્વ ક્ષેત્રના પ્રવેશને ૫૦ વર્ષ પુરા થાય છે. ગુજરાતી વાંચતાં લોકોને કુંદનભાઈનો પરિચય આપવાનો ન હોય પણ નવી પેઢી જે ગુજરાતી નથી વાંચતી એમના માટે એમનો પરિચય અંગ્રેજી ભાષામાં આપવા માંગીએ છીએ.

**Current Position :**

- Managing Editor - C.E.O. - JANMABHOOMI Group of Newspapers
  President, Indian Newspapers Society - 2010-11

**Position Held :**

- Dy. President, Indian Newspapers Society-2009-10
- Member-Press Councill of India, 2004-07, 2008-11
- Past President : Indian Languages Newspapers Association, 2003-04, 2004-05
- Member - Executive Committee-Editior's Guide of India
- Member - All Indian Newspapers Editor's Conference

**Professional Experience :**

- Working as journalist since 1961. Shifted to New Delhi in 1967. Chief of News Bureau of Janmabhoomi Group of Newspapers with its Head Quaters at Mumbai. Also Contributing to Indo-American Business Times Published from Washington.
- Covered Indo-Pakistan war in 1971 as war correspondent.
- Covered all important International congress held in India and abroad
- Ex-member-Press Accreditation committe, P.I.B. Goverments of India.
- Member - Press Gallery Committee of the Lok Sabha 1978-80
- Joint Secretary to the Press Advisory Committe to the speaker of the Lok Sabha, 1993-94

**Awards**

- Awarded DAG HAMMERSKJOLD Fellowship of the United Nations in the year 1976, UN Headquaters.
- Best Editorial Writer - 1999
- Best Editor - 2000 Patrakar Foundation/
- Outstanding Perfomance in Journalism - 2000 by Greater Mumbai Gujarati Samaj
- Social Welfare Forum : For contributation to nation as well as in Society 2000
- Patrakar Foundation Shreshtha Patrakar Award-99-2000
- Harindra Dave Memorial Award
- Brihad Mumbai Gujarati Samaj : Girnar Award-2000
- "Ashirwad" Dr. Harivanshraj Bachchan Patrakaritwa Purashkar - 2003 for pioneering work in Journalism.
- Jivan Gaurav Purskar from Maharashtra State Gujarat Sahitya Acadamy-August-2010

આવા અનુભવી અને પ્રખર તંત્રી આજે ષષ્ટી પુર્તિ પ્રસંગે શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળ્યા છે. એ સંઘ માટે ખુબ જ ગૌરવની વાત છે. આપ સૌ બાલાસિનોર વાસીઓને ૨૭મી માર્ચના કાર્યક્રમમાં કુંદનભાઈને સાંભળવા સહર્ષ આમંત્રણ છે.

**– શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી**